SATURDAY
૦૯-૦૧-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, માગશર વદ ૧૧
અંક : ૮૨
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

નોકરી શોધતા લોકો માટે
ખુશખબર
ચક્રવાત દૈનિક સમાચારપત્રમાં દર બુધવારે તથા દર શનિવારે નોકરીની અપડેટ વાંચતા રહો
નોકરીની એડ આપવા માટે સંપર્ક : મો.૯૧૦૬૬૧૭૮૬૭

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ● કિંમત રૂા. ૪

# ઓનલાઈન છેતરપીંડી માટે બેંક જવાબદાર

## ગ્રાહકો સાથેની ઠગાઈને કારણે થતી પરેશાની હવે થશે દૂર : કમિશન દ્વારા બેંકને નાણાંની ભરપાઈ કરવા આદેશ

ચક્રવાત ટીમ ન્યુ દિલ્હી, તા.૦૮

એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા ડીઝીટલ અને ઓનલાઈન પેમેન્ટનો વ્યાપ વધારવા અથાક પ્રયાસો સાથો સાથ આવા ઉપયોગમાં કંપનીઓ ફરફથી વળતરની જાહેરાતો થઈ રહી છે. પરંતુ દેશમાં શિક્ષણ, વિદ્યુત પુરવઠા તેમજ મોબાઈલ નેટવર્કની સમસ્યા વચ્ચે હેકરો તેમજ છેતરપીંડી આચરવાના બનાવો પણ સતત વધી રહ્યા છે. બેંકોના ખાતાધારકોને સરકાર તથા બેંક દ્વારા ઓનલાઈન પેમેન્ટની સુવિધા આપવામાં આવી રહી છે. આ સુવિધાનો ઠગ ટોળકીઓ લાભ ઉઠાવી ગ્રાહક માટે દુવિધા સર્જી રહ્યા છે. બેંકના ખાતેદાર સાથે ઓનલાઈન છેતરપિંડી થાય ત્યારે મોટાભાગનાં કિસ્સામાં ખાતેદારને જ નુકશાન ઉઠાવવું પડે છે. આ મામલે આજથી આશરે ૧૨ વર્ષ પહેલા સર્જાયેલા એક છેતરપિંડીનાં કિસ્સામાં ગ્રાહક દ્વારા નેશનલ કન્ઝયુમર કમીશનમાં નોંધાવેલ ફરીયાદનો સમગ્ર મામલો ચાલી જતાં કન્ઝયુમર કમીશને ગ્રાહક (ખાતેદાર) સાથે ઓનલાઈન થયેલ છેતરપિંડી માટે બેંકને જવાબદાર ઠેરવી ગ્રાહકના ખાતામાંથી થયેલ નુકશાની ભરપાઈ કરવા આદેશ આપ્યો છે. આશરે ૧૨ વર્ષ પહેલા મહારાષ્ટ્રમાં થાણેના એક બેંક ખાતેદારનાં ખાતામાંથી હેકર દ્વારા મોટી રકમ ઉપાડી લેવામાં આવેલ જે બાબતની જાણ ખાતેદાર ગ્રાહકને થતા તેમણે બેંકનાં અમલદારોને આ મામલાની જાણ કરી પોતાની જાણ બહાર કોઈ વ્યક્તિ દ્વારા આ રકમ ઉપાડી જવાયાની રાવ કરેલ હતી. પરંતુ બેંક અમલદારોએ પોતાની કાર્ય પદ્ધતિનો બચાવ કરી હાથ ઉંચા કરી લીધા હતા. બેંક ખાતેદારને થયેલ આર્થિક નુકશાની સામે ગ્રાહક દ્વારા બેંક વિરૂદ્ધ નેશનલ કન્ઝયુમર પ્રોટેક્શન કિમશનમાં ફરીયાદ દાખલ કરી પોતાને થયેલ અન્યાય સામે વાંધો ઉઠાવી પોતાની ભૂલ ન હોવા છતાં પરિણામ શા માટે ભોગવે ? તેવી દાદ માગેલ હતી. આ મામલે કન્ઝયુમર કમિશન દ્વારા બેંકના ખાતેદારનાં ખાતામાંથી ઓનલાઈન થયેલ છેતરપિંડી કિસ્સામાં ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરી બન્ને પક્ષોની લંબાણપૂર્વકની દલિલો-રજૂઆતો સાંભળેલ હતી.



આશરે ૧૨ વર્ષનો સમયગાળો પસાર થયા બાદ થાણેના બેંક ખાતેદારના ખાતામાંથી ઓનલાઈન થયેલ નાણાકીય વ્યવહાર બદલ બેંકનાં વહિવટકર્તાઓને જવાબદાર ઠેરવવી કમિશન દ્વારા ખાતેદારનેથયેલ નુકશાની ભરપાઈ કરવા બેંકને આદેશ આપેલ છે.બેંકના વહિવટમાં ઓનલાઈન પેમેન્ટનું પ્રમાણ વધતા અનેક ગ્રાહકોના ખાતાઓમાંથી ઓનલાઈન ફઠાંતરી થવાનાં કિસ્સાઓમાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. જે મામલે બેંક દ્વારા ગ્રાહકોને ડેબીટ-ક્રેડીટકાર્ડના ઉપયોગ અંગે સાવધ રહેવા જણાવાય છે. જેમાં પાસવર્ડ સહિતની બાબતોનો સમાવજેશ થાય છે. પરંતુ ગ્રાહકોને મોબાઈલ ફોન પર લલચાવી કેટલાક ઠગ લોકો દ્વારા બેંક ખાતાની માહિતી-પાસવર્ડ ઓ.ટી.પી. વગેરે મેળવી બેંકની કમ્પ્યુટર સિસ્ટમને હેક કરી ખાતેદારને નાની-મોટી રકમમાં નવડાવતા રહે છે. બેંકની સિસ્ટમમાંથી થયેલ વ્યવહાર બાબતે ગ્રાહક અજાણ હોય તેવા કિસ્સામાં ઓનલાઈન થયેલ વ્યવહાર અંગે ગ્રાહક પંચે આપેલ ચૂકાદો દેશના અસંખ્ય ગ્રાહકો માટે આશિર્વાદરૂપ સાબિત થશે.

## ખેડૂતો અને સરકાર વચ્ચે દૂર દૂર સુધી સમાધાનની કોઈ શક્યતા નજરે ચડતી નથી

# નવમી મંત્રણા પણ નિષ્ફળ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૮

સરકારની સાથે ખેડૂતોની ૯માં તબક્કાની વાતચીત પણ પરિણામ વગર જ પૂર્ણ થઈ છે. ખેડૂતોએ કડક અંદાજમાં સરકારને કહ્યું કે તેમે ઉકેલ લાવવા જ નથી માગતા. જો એવું છે તો અમને લખીને જણાવી દો, અમે જતા રહિશું. આ બેઠકમાં ખેડૂતો પોસ્ટર લગાવીને બેઠા હતા. જેના પર લખ્યું હતું- મરીશું કે જીતીશું. ખેડૂતો અને સરકાર વચ્ચે આગામી બેઠક ૧૫ જાન્યુઆરીએ મળશે.

ખેડૂત નેતા બલવીર રાજેવાલે મંત્રીઓને કહ્યું, "તમે જિદ પર છો. તમે તમારા સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરીને લગાવી દેશો. અધિકારીઓ કોઈને કોઈ લોજિક આપતા રહેશો. અમારી પાસે પણ લિસ્ટ છે. બાદમાં નિર્ણય તમારો જ છે. કેમકે તમે સરકાર છો. જેમની પાસે તાકાત છે, તેની વાત વધુ હોય છે. આટલાં દિવસોમાં વારંવાર કેટકેટલી ચર્ચા થઈ રહિ છે. એવું લાગે છે કે આ વાતના ઉકેલ લાવવાનું તમારું મન જ નથી. તો સમય શું કામ બગાડી રહ્યાં છો. તમે સ્પષ્ટ શબ્દોમાં લખીને આપી દો, તો અમે જતા રહિશું. ખેડૂતે સરકાર પર આક્ષેપ કર્યો છે કે સરકાર નથી ઈચ્છતી કે આ મુદ્દાનું કોઈ સામાધાન આવે.



ખેડૂતોના જણાવ્યા પ્રમાણે, જ્યાં સુધી કાયદો પાછો નહીં લેવાય ત્યાં સુધી અમે અહીંથી હટીશું નહીં.આ વખતે પણ ખેડૂતોનું સ્ટેન્ડ ક્લીઅર છે. તેમનું કહેવું છે કે ત્રણ ખેડૂત કાયદા રદ કરવામાં આવે અને એમએસપી પર અલગ કાયદો બને. આ પહેલા ગુરુવારે ખેડૂતોએ દિલ્હીને ચારેય બાજુ ટ્રેક્ટર માર્ચ કાઢીને શક્તિ દેખાડી હતી.

આંદોલનના ૪૪માં દિવસે સરકાર અને ખેડૂત વચ્ચે વિજ્ઞાન ભવનમાં વાતચીત ચાલી રહી હતી. કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર, રેલવે મંત્રી પીયૂષ ગોયલ અને વાણીજ્ય રાજ્ય મંત્રી સોમ પ્રકાશની સામે ખેડૂતોએ કૃષિ કાયદા રદ કરવાની માગ ફરી કરી હતી, પરંતુ કૃષિ મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં તેનો ઈનકાર કરી દિધો હતો.

કૃષિ કાયદાને લાગૂ કરવાનો નિર્ણય કેન્દ્ર હવે રાજ્યો સરકાર પર છોડી શકે છે. ડેરા નાનકસરના મુખી બાબા લક્ખા સિંહે કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર સાથે ગુરુવારે એક મીડિએટર તરીકે મુલાકાત કરી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે કેન્દ્રીય મંત્રીએ બાબ લક્ખા સિંહને જણાવ્યું કે, સરકાર હવે એક પ્રસ્તાવ તૈયાર કરી રહી છે, જેમાં રાજ્ય સરકારને કૃષિ કાયદો લાગૂ કરવા અથવા ન કરવાની છૂટ આપવામાં આવશે.

## આગામી સમયમાં કેન્દ્ર જવાબદારી ખંખેરવા કાયદાનું ભારણ રાજ્યોના માથે ફટકારે તેવી વકી

# ટ્રમ્પ નરમ : સત્તાનું સુકાન બિડેનને સોંપવા દર્શાવી તૈયારી

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૮

વિદાય લઈ રહેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજે સવારે વિડિયો મેસેજ રિલિઝ કરીને એવો દાવો કર્યો હતો કે ગુરૂવારે થયેલી હિંસાથી મને ખૂબ દુઃખ થયું હતું. અમેરિકામાં થયેલી હિંસાથી હું વ્યથિત છું. હિંસાના ચોવીસ કલાક બાદ રિલિઝ કરેલા આ સંદેશામાં ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે હવે મારું ફોકસ સત્તાસુકાન વિજેતાને સોંપવાનું છે. ૨૦ જાન્યુઆરીએ જો બાઈડન સત્તા ગ્રહણ કરશે એ હકીકત પણ તેમણે સ્વીકારી હતી. અત્રે એ યાદ રહે કે ગુરૂવારે ટ્રમ્પે કરેલા એક ઉશ્કેરણીજનક ભાષણ પછી તેમના હજારો સમર્થકો સેનેટ પર ધસી ગયા હતા અને ત્યાં ભાંગફોડ કરી હતી. અમેરિકી સંસદ પર આ પ્રકારનો હુમલો બસો વર્ષ પછી થયો હતો. આ પ્રસંગે સિક્યોરિટીએ કરેલા ગોળીબારમાં એક મહિલા સહિત કુલ ચાર મરણ થયાં હતાં. હવે ટ્રમ્પ હિંસા બદલ દિલસોજી વ્યક્ત કરતા હતા. જો કે હવે તો ટ્રમ્પને વીસ જાન્યુઆરી પહેલાંજ પ્રમુખપદેથી ખસેડવાની તૈયારી ચાલી રહી હતી. એ પહેલાં ખુદ ટ્રમ્પના ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી સહિત કેટલાક અધિકારીઓએ રાજીનામાં ધરી દીધાં હતાં.

# H-1B વીઝામાં થશે ફેરફાર : હવે સેલરી એન્ડ સ્કીલ્સને આધારે મળશે વિઝા, લાખો ભારતીયોને ફાયદો

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૮

અમેરિકાએ એચ-૧બી વિઝા નિયમો માટેની પ્રક્રિયામાં બદલાવ કરવાની જાહેરાત કરી છે. નવી પ્રક્રિયા અંતર્ગત યુએસમાં કામકાજ માટેના પ્રચલિત એચ-૧બી વિઝા ફાળવણી માટે હાલની લોટરી સિસ્ટમને બદલીને પગાર તેમજ કુશળતા (સેલેરી અને સ્કિલ)ને પ્રાધાન્ય અપાશે. અધિકારીઓના જણાવ્યા મુજબ વિઝા માટેના અંતિમ નિયમ ૮ જાન્યુઆરીના ફેડરલ રજિસ્ટરમાં પ્રકટ થશે. વિઝા પ્રક્રિયામાં ફેરફારનો ઉદ્દેશ અમેરિકામાં શ્રમિકોના આર્થિક હિતોની સુરક્ષા કરવાનો છે. સાથે જ અસ્થાયી રોજગાર કાર્યક્રમથી ઉચ્ચ કુશળતા ધરાવતા વિદેશી કર્મચારીઓ પણ લાભ થાય તે સુનિશ્ચિત કરવાનો હેતુ છે.




એચ-૧બી વિઝા નોન-ઈમગ્રન્ટ વિઝા છે, જે અમેરિકાની કંપનીઓને વિદેશથી આવતા કર્મચારીઓને વિશેષ હોદ્દા પર નિમણૂક કરવા માટે મંજૂરી આપે છે. યુએસની આઈટી કંપનીઓ આ વિઝાના આધારે દર વર્ષે ભારત તેમજ ચીનથી હજારોની સંખ્યામાં કર્મચારીઓને રોજગારી પુરી પાડે છે.


યુએસ સિટિઝન એન્ડ ઈમિગ્રેશન સર્વિસે જણાવ્યા મુજબ, એચ-૧બી વિઝા પસંદગી પ્રક્રિયામાં સંશોધનથી નોકરીદાતાઓને ઉચ્ચ વેતન તેમજ ઉચ્ચ પદ માટે જાહેરાત આપવામાં પ્રોત્હાસન મળશે. સાથે જ કંપનીઓને જરૂરિયાત મુજબ કર્મચારીઓને રાખવા તેમજ કંપનીને વૈશ્વિક સ્તરે પ્રતિસ્પર્ધી કાયમ રાખવાનો માર્ગ મોકળો થશે.

# ચીન-પાકિસ્તાનને યુએનમાં મોટો ફટકો કાશ્મીર મામલે ફ્રાન્સનો ભારતને ટેકો

(જી.એન.એસ.)પેરિસ,તા.૮

ઈસ્લામિક આતંકવાદની વિરૂદ્ધ અવાજ ઉઠાવનાર ફ્રાન્સએ કાશ્મીરના મુદ્દા પર ભારતનું ખૂલીને સમર્થન કર્યું છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિના સલાહકારે ગુરૂવારના રોજ કહ્યું કે ફ્રાન્સ કાશ્મીર મુદ્દા પર ભારતનું સમર્થક રહ્યું છે. ફ્રાન્સ અને ભારતની વચ્ચે રણનીતિક વાર્ષિક સંવાદ માટે ભારત પ્રવાસે આવેલા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેનુઅલ મેક્રોંના કૂટનીતિક સલાહકાર ઈમેનુઅલ બોનએ ચીન પર નિશાન સાંધતા કહ્યું કે ફ્રાન્સે સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ચીનને કોઈપણ 'પ્રકિયાગત રમત' રમવાની મંજૂરી આપી નથી.

ઈમેનુઅલ મેક્રોંના કૂટનીતિક સલાહકાર ઈમેનુઅલ બોન એ કહ્યું કે ચીન જ્યારે નિયમ તોડે છે તો આપણે ખૂબ જ મજબૂત અને ખૂબ જ સ્પષ્ટ થવું પડશે. હિન્દ મહાસાગરમાં આપણી નૌસેનાની હાજરીની પણ આ જ ભાવના છે. બોન એ કહ્યું કે ફ્રાન્સ 'ક્વાડ' (અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા, અને ભારતનું ગ્રૂપ)ની નજીક છે અને ભવિષ્યમાં તેમની સાથે કેટલાંક નૌસૈનિક અભ્યાસ પણ કરી શકે છે.




# મુંબઈ હૂમલાના માસ્ટરમાઈન્ડ ઝકી-ઉર-રહેમાન લખવીને પાકીસ્તાની કોર્ટે ફટકારી ૧૫ વર્ષની સજા

(જી.એન.એસ)લાહોર,તા.૮

પાકિસ્તાનની એક આતંકવાદ વિરોધી અદાલતે મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ અને આતંકવાદી સંગઠન લશ્કર-એ-તોયબાના સર્વેસર્વા ઝકી-ઉર-રહેમાન લખવીને ૧૫ વર્ષની જેલની સજા ફટકારી છે. આતંકવાદી લખવી પર દંડ પણ ફટકાર્યો છે. લાહોરની અદાલતે આતંકવાદી ગતિવિધિઓ માટે નાણાં પુરા પાડવાના આરોપમાં લખવીને સજા ફટ્કારી છે.



જોકે પાકિસ્તાનની આ કાર્યવાહી માત્ર દેખાડો જ છે. માનવામાં આવી રહ્યું છે કે, FATFની બેઠક પહેલા જ પાકિસ્તાન સરકારે દબાણમાં આવીને લખવીને સજા અપાવી છે. આ લખવી મુંબઈ હુમલા ઉપરાંત ભારતના વિમાનનું અપહરણ કરીને કંદહાર કાંડને અંજામ આપવામાં પણ મોખરે હતો. લશ્કર-એ-તૈયબાના ઓપરેશનંસ કમાંડર આતંકી ઝકીઉર રહેમાન લખવીને પાકિસ્તાનમાં ૧૫ વર્ષની સજા સંભળાવવામાં આવી છે. ટેરર ફંડિગ સાથે જોડાયેલા એક મામલામાં ગત થોડા દિવસમાં લખવીને ધરપકડ કરવામાં આવ્યો હતો.

આજે શુક્રવારના રોજ લાહૌર એન્ટી ટેરરિઝ્મ કોર્ટે આતંકવાદી સંગઠન લશ્કર-એઓ-તોયબાના સર્વેસર્વા ઝકી-ઉર-રહેમાન લખવીને ૧૫ વર્ષની જેલની સજા સંભળાવી છે.

# છ માસમાં નીતિશ સરકાર ગબડી જશે, તેજસ્વી બનશે સીએમ

(જી.એન.એસ.)પટણા,તા.૮

બિહાર વિધાનસભાની ચૂંટણી પૂરી થયાને હજુ માંડ બે માસ થયા છે ત્યાંજ બિહારના રાજકારણમાં ખટપટ શરૂ થઈ ગઈ. મુખ્ય પ્રધાન નીતિશ કુમારના જદયુ પક્ષના જ એક ધારાસભ્ય ગોપાલ મંડલે કહ્યું હતું કે છ માસમાં નીતિશ કુમાર ગબડી જશે અને તેજસ્વી યાદવ મુખ્ય પ્રધાન બનશે. તમે જો જો. હું પોતે પણ બળજબરી અને ગુંડાગીરી (મસલ પાવર)થી ધારાસભ્ય બન્યો છું. અગાઉ જદયુના ૧૭ ધારાસભ્યો નીતિશ કુમારને ઊથલાવવા અને તેજસ્વીને મુખ્ય પ્રધાન બનાવવા ઉત્સુક હતા.

# અમેરિકામાં ભારતનો ડંકો વાગ્યો : વનિતા ગુપ્તા બન્યા એસોસિએટ એટર્ની જનરલ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૮

અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયેલા જો બાઈડને ન્યાય વિભાગના મહત્વપૂર્ણ પદો પર નિમણૂંક કરવાની જાહેરાત કરી છે. આ લોકોમાં ભારતીય અમેરિકન વનિતા ગુપ્તાનું નામ પણ છે. વનિતા ગુપ્તાને એસોસિએટ એટર્ની જનરલ તરીકે નિમ્યા હતા. યુએસ સરકારમાં ભારતીય મૂળની વનિતા ગુપ્તા એસોસિએટ એટોર્ની જનરલના પદ પર નિયુક્તિ કરવામાં આવી છે. વનિતા ગુપ્તા કાયદાના અભ્યાસુ છે. ભારતીય મૂળના અમેરિકન વનિતા ગુપ્તા ૩૮ આફ્રિકી અમેરિકનને છોડાવવાના કેસમાં પ્રકાશમાં આવ્યા હતા. આ કેસમાં ૩૮ લોકો ડ્રગ્સના ખોટા કેસમાં ફસાવ્યા હતા, જેમને વનિતા ગુપ્તાએ મદદ કરી હતી. આ કેસમાં ૬૦ લાખ ડોલરની રકમ પણ અપાઈ હતી. અમેરિકામાં નાગરિકોના અધિકારો પર કામગીરી તેઓ કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકોના હંગામાની વચ્ચે કોંગ્રેસના બન્ને સદનોમાં આજે જો બાઈડન અને કમલા હેરિસની જીત પર મોહર લાગી છે. અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયેલા જો બાઈડેને ભારતીય અમેરિકન વનિતા ગુપ્તાને એસોસિએટ એટર્ની જનરલ તરીકે નિમ્યા હતા અને એટર્ની જનરલ માટે જજ મેરિક ગારલેન્ડની પસંદ કર્યા હતા.

# રેલ્વે મુસાફરીમાં રાહત માટે ટિકિટ રદ્દ કરવા અને રિફંડના સમયમાં વધારો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૮

રેલવે દ્વારા કોરોના વાયરસના કારણે લાગુ કરવામાં આવેલા લોકડાઉન દરમિયાન રેલવે કાઉન્ટર પરથી બુક કરાવેલ ટિકિટને રદ્દ કરવા અને તેના રિફંડ મેળવવા માટેના સમયગાળામાં વધારો કર્યો છે. રેલવે દ્વારા આપવામાં આવેલી જાણકારી મુજબ પીઆરએસ કાઉન્ટર ટિકિટોને રદ્દ કરવા અને કોઈપણ કાઉન્ટરથી રિફંડ પ્રાપ્ત કરવાના સમયગાળામાં ૬ મહીનાથી વધારીને ૯ મહીના સુધીનો કરી દેવામાં આવ્યો છે. ભારતીય રેલવેના જણાવ્યાં મુજબ તે જ લોકોને ટિકિટનું રિફંડ મળશે જેઓએ ૨૧ માર્ચ, ૨૦૨૦ થી ૩૧ જુલાઈ, ૨૦૨૦ સુધી પ્રવાસ માટે ટિકિટ બુક કરાવી હતી. એટલે કે તમે ૩૦ જુલાઈ માટે ટ્રેન ટિકિટ બુક કરી હતી તેને એપ્રિલ સુધી રદ્દ કરવાવીને રિફંડ મેળવી શકો છે. આ નિયમ નિર્ધારિત સમયવાળી ટ્રેનો માટેની ટિકિટ પર લાગુ થશે, જેને રેલવે દ્વારા રદ્દ કરવામાં આવી હતી. રેલવે દ્વારા જણાવામાં આવ્યું કે હેલ્પલાઈન નંબર ૧૩૯ એટલે કે ICRTCની વેબસાઈટના માધ્યમથી કાઉન્ટર ટિકિટ રદ્દ કરવાની સ્થિતિમાં પણ ટિકિટને કોઈપણ રેલવે કાઉન્ટર પર જમા કરવાની સમય-સીમાને પ્રવાસની તારીખથી ૯ મહીના સુધી વધારી દેવામાં આવી છે.

ઓબીસી સમાજને પણ નગણ્ય પ્રતિનિધિત્વ : મુખ્ય જવાબદારીઓ માં આદિવાસીઓને પણ બાકાત રખાયા

# સી.આર.પાટીલની નવી ટીમ બીજેપીમાં સૌરાષ્ટ્રનો દબદબો ઘટ્યો








ચક્રવાત ટીમ રાજકોટ,તા.૮

રાજકીય વર્તુળોમાં જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી તે ભારતીય જનતા પાર્ટીની પ્રદેશ કારોબારીની ગઈકાલે સી.આર.પાટીલ દ્વારા જાહેરાત કરવામાં આવી જેમાં ભારતીય જનતા પાર્ટીમાં વર્ષો સુધી હાવી રહેલ સૌરાષ્ટ્ર લોબીને સાઈડ ટ્રેક કરી દક્ષિણ ગુજરાતને વિશેષ લાભ આપવામાં આવ્યો છે.તેમની આ ટીમ રચના પરથી સ્પષ્ટ જણાઈ આવે છે. અગત્યની કહી શકાય તેવી પ્રદેશ મહામંત્રી ઓ ની પોસ્ટમાં સંગઠન મહામંત્રી ને બાદ કરતા સૌરાષ્ટ્રમાંથી બીજા એકપણ પ્રતિનિધિ ને સ્થાન મળ્યું નથી. પ્રદેશ સંગઠન મહામંત્રી ની પોસ્ટ આરએસએસ સાથે સીધી જોડાયેલી હોય તેમનું સ્થાન આરએસએસ ને કારણે હોય સંગઠનમાં સૌરાષ્ટ્ર માંથી તેમને બાદ કરતા પ્રથમ વખત પ્રમુખ કે મહામંત્રી પદ પર એક પણ વ્યક્તિને સ્થાન નથી મળ્યું તેમ કહી શકાય. ભારતીય જનતા પાર્ટીમાં છેલ્લા ઘણા સમયથી પ્રમુખપદે વજુભાઈ વાળા, પુરુષોત્તમ રૂપાલા,આર.સી.ફળદુ વિજયભાઈ રૂપાણી અને ત્યારબાદ જીતુભાઈ વાઘાણી નું સ્થાન રહ્યું હતું ત્યારે સંગઠનનો દૌર સૌરાષ્ટ્રના નેતાના હાથમાં હતો તેમ કહી શકાય પરંતુ દક્ષિણ ગુજરાતમાંથી સી આર પટેલ ની નિમણૂક બાદ હવે આ સંગઠનની મુખ્ય જવાબદારીઓમાં એટલે કે પ્રમુખ અને મહામંત્રીઓમાં સૌરાષ્ટ્ર નો દબદબો ખતમ થઈ ગયો છે તેમ કહી શકાય.

પાટીલની ટીમમાં જે મહામંત્રીઓ નો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં ભાર્ગવ ભટ્ટ વડોદરા, પ્રદીપસિંહ વાઘેલા અમદાવાદ,રજની પટેલ ઉત્તર ગુજરાત અને વિનોદ ચાવડા, કચ્છ નો સમાવેશ થાય છે. સી.આર.પાટીલ ખુદ દક્ષિણ ગુજરાતના છે આમ પ્રમુખ અને મહામંત્રીની નિમણૂકમાં સૌરાષ્ટ્રનો દબદબો આ વખતે પૂર્ણ થયો છે. સૌરાષ્ટ્રમાંથી ઘણા અપેક્ષિત ચહેરાઓ આ સંગઠનની મુખ્ય જવાબદારી સ્વીકારવા માટે અધીરાઈ પૂર્વક રાહ જોઈ રહ્યા હતા તેમને સી.આર.પાટીલ ની આ નવી ટીમથી અંદરખાને નિરાશા જન્મી હોય તેવું બની શકે છે.પાટીલ ની નવી ટીમમાં ઓબીસી સમાજને પણ પૂરતું પ્રતિનિધિત્વ અપાયું ન હોય તે સ્પષ્ટપણે જોઈ શકાય છે ગુજરાતની કુલ વસ્તીની ૫૪ ટકા વસતી ધરાવતા ઓબીસી સમાજ માંથી માત્ર નગણ્ય પ્રતિનિધિઓને જ ટીમ બીજેપીમાં મુખ્ય જવાબદારીમાં સ્થાન મળેલ છે. એ જ રીતે ગુજરાતની વસ્તીના ૧૪ ટકા વસતી ધરાવતા આદિવાસી સમાજની પણ નવી બીજેપી ટીમમાં ક્યાંકને ક્યાંક અનદેખી કરવામાં આવી હોય તેવું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. પાટીદાર સમાજને પણ સંગઠનમાં ભૂતકાળ જેટલું મહત્વ આપવામાં આવ્યું નથી.

સીનીયોરિટી માં ટોપ મોસ્ટ ગણાતા ગોરધનભાઈ ઝડફીયાને તેમણે ભૂતકાળમાં કરેલા બળવાને ધ્યાનમાં લઈને મહત્વપૂર્ણ જવાબદારી આપવાને બદલે માત્ર સાઈડ પોસ્ટ ગણી શકાય તેવા ઉપપ્રમુખ પદ થી સંતોષ માનવો પડ્યો છે. સામાજિક સંતુલન બેલેન્સ કરવા મહામંત્રી પદે રજનીભાઈ પટેલ અને જયંતીભાઈ કવાડિયા ને ઉપપ્રમુખ પદ આપી પાટીદાર સમાજને કહેવા પૂરતું પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે.સી આર પાટીલ ની નવી ટીમમાં પાર્ટી માટે રાત-દિવસ એક કરનારા અને ગુજરાતમાં ભાજપને ઉભો કરનારા સિનિયર નેતાઓની ક્યાંકને ક્યાંક અવગણના કરવામાં આવી હોય અને પાર્ટી માટે કોઈ વિશેષ યોગદાન આપ્યું ન હોય તેવા નેતાઓને આગળ કરી દેવામાં આવ્યા છે.ભારતીય જનતા પાર્ટી હવે સંપૂર્ણપણે કોર્પોરેટ પદ્ધતિથી ચાલતી હોય તેમ જનતાની વચ્ચે રહેનારા લોકપ્રતિનિધિ કહી શકાય તેવા નેતાઓને ખાસ તક આપવામાં આવી નથી પરંતુ સારી મેનેજમેન્ટ ક્ષમતા ધરાવતા અને જેમણે જીવનમાં એક પણ જન આંદોલન ન કર્યું હોય તેવા નેતાઓને લોકનેતા તરીકે પ્રસ્થાપિત કરવાના પ્રયાસોના ભાગરૂપે આગળ કરવામાં આવ્યા હોય તેવું ચિત્ર ઉપસ્યું છે હાલમાં ગુજરાતમાં મોદી બ્રાન્ડનું સંપૂર્ણપણે પ્રભુત્વ હોય ભારતીય જનતા પાર્ટીને આ નવી ટીમ કે જૂની ટીમ જેવી કોઈ બાબતો અડચણરૂપ બને તેમ ન હોયતેવું રાજકિય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

ક્ષત્રિય સમાજના જૂના જોગીઓને સાઈડમાં રાખી યુવાન ચહેરો પ્રદીપસિંહ વાઘેલા ને આગળ કરાયા : પ્રમુખ સહિત ૨૩ સભ્યોની ટીમમાં સૌરાષ્ટ્રના માત્ર ત્રણ પ્રતિનિધિને સ્થાન

## રાજ્યમાં ધીમે ધીમે ઠંડી ઘટી પરંતુ ભેજ વધતાં ઠાર વધ્યો

**રાજ્યમાં લઘુતમ તાપમાનનો પારો ૮ ડીગ્રીથી ૧૬ ડીગ્રી વચચે રહેતા ઠંડીથી નજીવી રાહત**



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૮

રાજ્યમાં છેલ્લા ૧૨ દિવસથી ચાલતા ઠંડીના મોજાની અસર ધીમે ધીમે ઘટી રહી છે. રાજ્યનાં મોટાભાગે ઠંડાગાર રહેતા શહેરોમાં આજે તાપમાનનો પારો એકંદરે મોટાભાગે બે અંકની અસપાસ નોંધાયો હતો. નલિયા, કંડલા તથા રાજકોટમાં તાપમાનનો પારો એક અંકમાં પરંતુ બે આંકની નજીક નોંધાયાનું જાણવા મળેલ છે. ઠંડીમાં ક્રમશ ઘટાડો નોંધાય રહેલ છે. પરંતુ ઉત્તરાયણ નજીક આવતા રાજ્યનાં શહેરોમાં ફૂંકાતા પવનોની ગતિમાં ધીમેધીમે વધારો થઈ રહ્યો છે. તેમજ હવામાં ભેજનું પ્રમાણ વધતાં રાત્રીના સમયે ઠાર વધી રહ્યો છે.રાજ્યમં આજે સૌથી નીચું તાપમાન નલિયા ૭.૨, કંડલા વિમાન મથક ૯.૪, રાજકોટ ૯.૮, ભૂજ ૧૦.૩, કંડલા પોર્ટ ૧૦.૫, કેશોદ ૧૦.૮, પોરબંદર ૧૦.૮, સુરેન્દ્રનગર ૧૧.૫, ડીસા ૧૧.૮, અમરેલી ૧૩.૪, ગાંધીનગર ૧૫.૫, વેરાવળ ૧૫.૫, દ્વારકા ૧૪.૧, ભાવનગર ૧૫.૯, અમદાવાદ ૧૬.૧ તેમજ વલસાડ ખાતે ૧૨ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

## ગુજરાત શિક્ષણ પરિષદમાં દેવભૂમી દ્વારકાના બહુજન મિશનરીઓની જિલ્લા ટીમમાં નિમણૂંક

ચક્રવાત ટીમ દેવભૂમી દ્વારકા,તા.૮

શિક્ષણ એજ ઉદેશ્ય એવા સંકલ્પ સાથે, ગુજરાત શિક્ષણ પરિષદની શરૂઆત ગુજરાતના નામાંકિત સમાજ સેવક, કાયદાકીય લડત આપીને સરકારશ્રીને આર.ટી.ઈ નો અમલ કરાવનાર આદરણીય રાજુભાઈ સોલંકી સાહેબ એ કરી હતી દેશમાં શિક્ષણના સ્તર સુધરવા અને દરેક વિધાર્થીઓ અને નાગરિકોને શિક્ષણ મળી રહે અને મેળવેલ શિક્ષણનો સાચા અર્થમાં ઉપયોગ કરી ભારત દેશના હિત માટે કર્યો કરે તેવી મહેનત કરશે તથા ભારતવર્ષના દરેક નાના ગામ થી લઈ મોટા શહેર સુધી અંગ્રેજી ભાષાનું મહત્વ સમજવામાં આવે અને દરેક વ્યક્તિ અંગ્રેજી ભાષા શીખે આ જ સકારાત્મક ઉદેશ્ય સાથે ગુજરાત ભરમાં ટીમ પૂરી નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહી છે અને વધુમાં વધુ લોકો શિક્ષણનું મહત્વ સમજી ગુજરાત શિક્ષણ પરીષદમાં જોડાઈ રહ્યા છે આ શિક્ષણ માટેની લડતનું અભિયાન દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ પોતાની પ્રતિનિધિત્વ કરી રહ્યું છે.

જેના ભાગરૂપે દ્વારકાની શારદાપીઠ કોલેજના નામાંકિતબહુજન ચિંતક પ્રોફેસર આયુ.પ્રકાશચંદ્ર વણકર સાહેબ (અધ્યક્ષ અર્થશાસ્ત્ર વિભાગ અને કેપ્ટન ૨૭ ગુજરાત એન. સી.સી.બટાલીયન.જામનગર) ને ગુજરાત શિક્ષણ પરિષદના માર્ગદર્શક તરીકેનિમણુક થઇ છે જયારે દ્વારકાનું જાણીતું નામ એટલે યોગ કોચ આયુ. જ્યોતિ બઠિયા(જિલ્લા મહિલા અધ્યક્ષ) ની સાથે કલ્યાણપુર તાલુકાના અધ્યક્ષ તરીકે આયુ. કિશન વાઘેલા અને દ્વારકા તાલુકાના અધ્યક્ષ આયુ.લક્ષમણ ડી હાથિયા અને તેની સાથે જિલ્લા કારોબારી સભ્યોમાં બહુજન યુવા કર્મશીલો આયુ.તેજાભાઈ સિરુકા, આયુ.દિપક બાબરીયા, આયુ.રોહિત વારસાકિયા, આયુ.સંજુ રોશિયા, આયુ.રાહુલ સિરુકા, આયુ.કરણ ચાનપા, આયુ.નાગાજણ ચાનપા, આયુ.જય રોશિયા, આયુ.દિપક વારસાકિયા, આયુ.લખન સિરુકા, આયુ.સંજુ ચાસિયા, આયુ.જીતુ વિકમાં, આયુ. મેહુલ હાથિયા, આયુ.કરણ ચાસિયા, વગેરેની ગુજરાત શિક્ષણ પરિષદમાં વિધિવત નિમણુંક કરવામાં આવી છે તેવી અખબારી યાદીમાં બૌધ્ધ યુવા કર્મશીલ આયુ.મિતવર્ધન ચંદ્રબૌધીએ જણાવેલ છે.

## ગીર ગઢડાના જુના ઉગલામાં પરિણીત મહિલા આગમાં રંગોળાતા જૂનાગઢ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ

ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૮

ગીરગઢડા તાલુકાના જુના ઉગલા ગામે મફત પ્લોટ વિસ્તારમાં રહેતી અને મંજુરી કામ કરી પોતાના બે સંતાનોનું ગુજરાન ચલાવતી પરિણીત મહિલા પોતાના ધરે મોડી સાંજે પ્રાયમસ પર રસોઈ બનાવતી હતી. અને અચાનક પ્રાયમસ ફાટતાં ગંભીર રીતે શરીરના ભાગે દાજી જતાં સારવાર હેઠળ ઉના સરકારી હોસ્પીટલે ખસેડાયેલ છે. જુના ઉગલા ગામની ચંપાબેન રામભાઈ જાદવ ઉ.વ. ૨૭ નામની મહીલાના લગ્ન તાલાલા ખાતે થયેલા હોય અને લગ્ન જીવન દરમિયાન એક દીકરી હિરલ ઉ.વ ૧૨ તેમજ દિકરો જતીન ઉ.વ ૭ હોય આ મહિલાનો પતિ પાંચ વર્ષ પહેલાં પરિવારને નોંધારા મૂકી ચાલ્યો ગયો છે. અને માતા ચંપાબેન આ બન્ને સંતાનોનું મંજુરી કામ કરી ગુજરાન ચલાવે છે. સાંજે ઘરે આવીને રસોય બનાવતી વખતે અચાનક પ્રાઈમસ ફાટતા અકસ્માત સર્જાયો હતો. જેમાં પરણીત મહીલાને શરીરના તેમજ મોઢાના ભાગે ગંભીર રીતે દાજી જતાં ઈમરજન્સી ૧૦૮ માં સારવાર હેઠળ ઉના સરકારી હોસ્પીટલે ખસેડાયેલ છે. અને હાલત અતિ ગંભીર હોય તેને વધું સારવાર માટે જુનાગઢ ખસેડવામાં આવેલ છે. આ બનાવ બનતા બે માસુમ ચહેરો જોઈને લોકોનું રહદય દ્રવી ઉઠ્યું હતું. પરિવાર આર્થિક રીતે ગરીબ હોય અને સારવાર માટે દવાના પણ પૈસાની વ્યવસ્થા ન હોવાથી સેવા ભાવી સંસ્થા સંગઠનો દ્વારા આ ગરીબ પરીવારને સહાય એકત્ર કરી આપવામાં આવી હતી.









## રાજકોટ શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલમાં આચાર્યા સોનલબેનના માર્ગદર્શનમાં યોજાયો થેલેસીમિયા જાગૃતિ વેબિનાર

**વેબિનાર દરમ્યાન થેલેસેમિયા અંગેની વિસ્તૃત જાણકારી અને પગલાંઓ અંગે માહિતી આપવામાં આવી હતી**



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૮

હાલ રાજ્યમાં સરકાર દ્વારા જાહેર કરાયેલ કોરોના માર્ગદર્શિકાના ચુસ્ત અમલ વચ્ચે રાજકોટની શ્રીમતી સરોજીની ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્યા સોનલબેન ફળદુના માર્ગદર્શન હેઠળ ધો.૯થી ૧૨ની વિદ્યાર્થિનીઓને થેલેસેમિયા જાગૃતિ અંગેનો વેબિનાર યોજવામાં આવેલ હતો. આ વેબિનારમાં લાઈફ બ્લડ સેન્ટર ઉપરાંત અન્ય સેવાભાવી સંસ્થાઓનો સહયોગ સાંપડ્યો હતો.

તાજેતરમાં શહેરની નામાંકિત સરકારી શાળા શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલમાં થેલેસીમિયા જાગૃતિ વેબિનારનું સફળ આયોજન કરવામાં આવેલ. લાઈફ બ્લડ સેન્ટર રાજકોટના હીનાબેન કાશીયાણીએ દીકરીઓને સુંદર વક્તવ્ય આપેલ.

લોહીની ઉણપનો સૌથી મોટો જીવલેણ ગણાતો રોગ એટલે થેલેસેમિયા . લગ્ન પહેલા જ દીકરા અને દીકરીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરાવવામાં આવે તો આવનાર બાળકના જીવનને બચાવી શકાય છે. આવી સુંદર સમજાવટ કરતો સરળ ભાષાનો વેબિનાર હીનાબેન કાશીયાણીએ પીપીટી દ્વારા લીધેલ . જેમાં ધોરણ ૯ થી ૧૨ કુલ ૫૦થી વધુ દીકરીઓએ ભાગ લીધેલ તથા પોતાના પ્રશ્નોનું નિરાકરણ મેળવેલ હતું.

શાળાના આચાર્ય સોનલબેન ફળદુ નો સંકલ્પ છે કે શાળામાં અભ્યાસ કરતી તમામ દીકરીઓનો દર વર્ષે થેલેસેમિયા ટેસ્ટ કરાવવો છે. આ ઓનલાઈન વેબિનાર નું સુંદર આયોજન શાળાના આચાર્ય સોનલબેન ફળદુ તથા રૂપેશભાઈ ટાંક દ્વારા સુંદર જહેમત ઉઠાવી પૂર્ણ કરવામાં આવેલ.

## શ્રી રાજપૂત કરણી સેના દ્વારા વાવડી જમીન પ્રકરણમાં તટસ્થ તપાસ કરવા કલેક્ટરને રજૂઆત



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૮

વાવડીના જમીન પ્રકરણમાં જાડેજા કનકસિંહ તથા મહાવીરસિંહને જે લેન્ડ ગ્રેબિંગ કેસ ખોટી રીતે લગાડી દેતા રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી ને આવેદન આપી રજુઆતૠ કરતા રાજપુત કરણીસેના ના પ્રદેશ અધ્યક્ષ જે.પી જાડેજા સાહેબ, કૃષ્ણસિંહ જાડેજા, રાજદીપસિંહ જાડેજા, ઈતિરાજસિંહ, સત્યજીતભાઈ ખાચર, સતુભા જાડેજા, રાજવીરસિંહ વાળા તથા કરણીસેનાની ટીમ તથા વાવડી યુવા રાજપુત સમાજ દ્વારા રજૂઆત કરી કલેક્ટરે શાંતિથી સાંભાળી યોગ્ય તપાસની ખાતરી આપી છે.

### ડો. બાબા સાહેબનું સ્ટેચ્યુ મુકવા આવેદન...



ડૉ.બાબાસાહેબ આંબેડકર યુવા સંગઠન કિમ ના કાર્યકરો દ્વારા સંવિધાન નિર્માતા ભારત રત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકર કીમ ગામમા જુનાજકાતનાકા ચાર રસ્તા પર સર્કલ બનાવી ડૉ બાબા સાહેબ આંબેડકર ના સ્ટેચ્યુ મુકવા બાબતે ઓલપાડ તાલુકા મામલતદાર કચેરી એ મામલતદાર સાહેબ શ્રીને આવેદનપત્ર આપી ૧૪ મી એપ્રિલ ૨૦૨૧ પહેલા સ્ટેચ્યુ મુકવા બાબતે મંજુરી મળી રહે તે બાબતે રજુઆત કરી હતી. સાથે સાથે ઓલપાડ તાલુકા ના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ સાહેબ પાસે અગાઉ થી મળવાની મંજુરી લયને આવેદનપત્ર આપવા માટે ગયા હતા.

### વેરાવળમાં કોસ્ટગાર્ડના અમુક કર્મીઓના અત્યાચારથી માછીમારોમાં રોષ, રેલી કાઢી વિરોધ નોંધાવી અને કોસ્ટ ગાર્ડ અધિકારીને લેખિત રજૂઆત

# વેરાવળ જેટી નજીક કોસ્ટ ગાર્ડની માછીમાર સાથે મારામારી

ચક્રવાત ટીમ વેરાવળ, તા.૦૮

વેરાવળ બંદરમાં કોસ્ટગાર્ડના અમુક કર્મચારીઓ માછીમારો પર કથિત અત્યાચાર કરતા હોવાને લઈ માછીમારોમાં ઉગ્ર રોષ પ્રર્વતેલ હતો. આજે બપોરે અચાનક સ્વયંભુ માછીમાર સમાજના સેંકડો યુવાનોએ રેલી કાઢી કોસ્ટગાર્ડ સ્ટેશને પહોંચી જઈ સ્થાનિક અધિકારી સમક્ષ ઉગ્ર રજુઆત કરતા ભવિષ્યમાં આવું ફરી વખત નહીં બને તેમ જણાવી મામલો થાળે પાડ્યો હતો. જો કે, આ રેલીની જાણ થતા સ્થાનિક પોલીસ સ્ટાફ કોસ્ટગાર્ડ સ્ટેશને દોડી જઈ યુવકોને શાંતિપૂર્વક રજુઆત કરવા સમજાવ્યા હતા. આ તકે બંદરમાં માછીમારને માર મારતો હોવાનો વીડિયો વાયરલ થયેલ જેથી સુરક્ષા વિભાગની કાર્યશૈલી સામે સવાલો સર્જાયા છે.

વેરાવળ બંદરમાં કોસ્ટગાર્ડના અમુક કર્મચારીઓ દ્વારા વારંવાર થતા અત્યાચારના કારણે માછીમારોમાં ઉગ્ર રોષ વ્યાપેલ હતો. જેના વિરોધમાં આજે બપોરે સેંકડો માછીમાર યુવાનો બંદરથી સ્વયંભુ રેલી સ્વરૂપે વેરાવળ ચોપાટી પર આવેલ કોસ્ટગાર્ડ સ્ટેશન પર પહોંચી સ્થાનિક અધિકારીને લેખીત રજુઆત કરી હતી. આ તકે માછીમાર શૈલેષ કુહાડાએ આક્ષેપ કરતા જણાવેલ કે, વેરાવળ બંદરમાં કોસ્ટગાર્ડના અમુક કર્મચારીઓ દ્વારા માછીમારોને કોઈ કારણ વગર માર મારવામાં આવે છે અને અપશબ્દો ભાંડી ગેરવર્તન કરવામાં આવે છે. કોસ્ટગાર્ડ વિભાગ સાથે અમને કોઈ વાંધો નથી પરંતુ અમુક કર્મચારીઓ



અને અધિકારીઓ માછીમારો સાથે ગેરવર્તન કરે છે તે યોગ્ય નથી. આવી અત્યાચારની ઘટના બંધ થવી જોઈએ. આવા જ અત્યારચારની એક ઘટનાનો વીડિયો સોશીયલ મિડીયામાં વાયરલ થયો છે. જેમાં એક ફિશિંગ બોટ પરના માછીમારને બોટ ઉપરથી બળજબરીથી ઉતારી માર મારતો હોવાનું જોવા મળે છે. આ અત્યાચારનો ભોગ બનેલ નરેશ રાઠોડ નામના માછીમારએ જણાવેલ કે, કોઈ કારણ વિના તેને માર મારવામાં આવેલ અને આવું વારંવાર બને છે. અત્રે નોંધનીય છે કે, આજે બહાર આવેલ ઘટનામાં વેરાવળ બંદર પર સુરક્ષા વિભાગ અને માછીમારો વચ્ચેના વિવાદના મુળમાં બંદરમાં બોટ પાર્કીંગ કરવાની ઓછી ક્ષમતા કારણભૂત હોવાનું માનવામાં આવે છે. જે અંગે યુવા માછીમાર ભરત આગીયાએ જણાવેલ કે, વેરાવળ બંદર ૮૦૦ ફિશિંગ બોટની ક્ષમતા ધરાવે છે જેની સામે બંદરમાં ૩૦૦૦થી વધુ બોટો લાંગરવામાં આવે છે. માછીમારોની પણ મજબૂરી છે તો બીજી તરફ કોસ્ટગાર્ડ દ્વારા જડ વલણ અપનાવવું યોગ્ય નથી. તો માછીમાર યુવાનોની રજુઆત અંગે કોસ્ટગાર્ડ સ્ટેશનના સ્થાનિક અધિકારીએ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવાની બાહેંધરી આપી ભવિષ્યમાં આવી ઘટના ફરી ન બને તેવું જણાવ્યું હતું.

# વેરાવળના આદ્રી ગામમાં શેરીઓમાં લટાર મારતી સિંહણ સીસીટીવીમાં કેદ

ચક્વાત ટીમ વેરાવળના, તા.૦૮

ગીર સોમનાથના વડામથક વેરાવળ તાલુકાના આદ્રી ગામની શેરીઓમાં સિંહણ લટાર મારતી હોઈ તેવાં રોચક દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયા છે. આ દ્રશ્યો ગઈકાલે મોડીરાત્રીના ત્રણેક વાગ્યાના હોવાનું જાણવા મળેલ છે. છેલ્લા થોડા સમયથી જંગલના રાજા સિંહો પરિવાર સાથે ખોરાકની શોધમાં તથા ફરતા ફરતા રહેણાંક વિસ્તારોમાં આવી ચડ્યા હોવાના કીસ્સાઓ વારંવાર બની રહયા છે. આ દરમિયાન વડામથક વેરાવળના પ્રવેશદ્રાર પર દરીયાકાંઠે આવેલાં આદ્રી ગામની શેરીઓમાં એક સિંહણ લટાર મારતી હોવાના દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયા છે. જે આજે સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. સીસીટીવી ફુટેજ તપાસ કરતા ગઈકાલે ગુરૂવારની રાત્રીના ત્રણેક વાગ્યા ના અરસામાં આદ્રી ગામની શેરીઓમાં સિંહણ એકલી લટાર મારતી નજરે પડી રહી છે. શેરીઓમાં કોઈ ઘરની બહાર લગાડેલ સીસીટીવી કેમેરામાં સિંહણના દ્રશ્યો કેદ થઈ ગયા હતા. સામાન્ય રીતે શહેરો કે પછી ગ્રામ્ય વિસ્તારોની શેરીઓ અને રસ્તા પર રાત્રીના



સમયે શ્વાન જ જોવા મળતા હોય છે પરંતુ આદ્રી ગામની શેરીઓના સિંહણ લટાર મારી રખોપા કરતી હોય તેવા દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયેલા જોવા મળે છે. અત્રે જાણવા મળ્યું છે કે, વેરાવળ બાયપાસથી લઈ આદ્રી ગામના દરીયાકાંઠાના વિસ્તારોમાં સિંહોનું એક ગ્રુપ ઘણા સમયથી વસવાટ કરી રહયુ હોય જે અવાર-નવાર ગ્રામ્ય વિસ્તારોમાં આવી ચડતુ જોવા મળે છે. થોડા સમય પહેલા પણ બાયપાસ પર જુનાગઢ હાઈવે પર સિંહ-સિંહણ જોવા મળેલ હતા.

## વેરાવળ અને પ્રભાસપાટણમાં જુગારના દરોડા : નવ જુગારીઓની ધરપકડ

ચક્વાત ટીમ વેરાવળ, તા.૦૮

વેરાવળ તથા પ્રભાસપાટણ વિસ્તારમાં બે સ્થળોએ પોલીસે દરોડો પાડી પાના ટીંચતા નવ જુગારીઓને રોકડા રૂ.આઠ હજાર સાથે ઝડપી લીધા હતા. જયારે દરોડા દરમ્યાન બે જુગારી નાસી છુટતા તેને ઝડપવા ચક્રો ગતિમાન કરેલ છે. પોલીસમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર પ્રભાસપાટણમાં કોળીવાડાના નાકા પાસે જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સો (૧) પુંજા ડાયા ભરડા (૨) હુશેન આદમ ગોહેલ (૩) મહમદ ઈબ્રાહીમ કાલવાત (૪) નુરમહમદ સીદી ભાદરકા (૫) સલીમ હુસેન ભાદરકા ને રોકડ રૂ. ૫૧૨૦ સાથે એ.એસ. આઈ. હેમતભાઈ પુનાભાઈ સહીતના સ્ટાફે ઝડપી લીધા છે. આ ઉપરાંત વેરાવળમાં મોટા કોળીવાડામાં આવેલ જુના ગરબી ચોક પાસે જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સો (૧) વિનુ પીઠાભાઈ ગોહેલ (૨) લિયાકત હુસેન સૈયદ અલી કાદરી (૩) નરસી ગોવિંદ પંડીત ને રૂ. ૩૦૧૧ સાથે ઝડપી લીધા છે જયારે પ્રફુલ નારણ ઉર્ફે નાનો પંડીત તથા લાલજી વીરા ગાવડીયા નાસી છુટતા તેને ઝડપવા ચક્રો ગતિમાન કરેલ છે.

## ઊનાના સનખડા સરકારી દવાખાનામાં કાયમી એમ.બી.બી.એસ. ડોક્ટરની નિમણૂંક કરવા માંગ

ચક્વાત ટીમ ઊના, તા.૦૮

ઊનાના સનખડા ગામે છેલ્લા ઘણા સમયથી સરકારી દવાખામાં એમ બી બી એસ ડોક્ટરની ખાલી જગ્યા હોય અને સનખડા ગામમાં આઠ હજારથી વધુ વસ્તી ધરાવતુ છે.અને આ હોસ્પીટલ હેઠળ અનેક ગામો આવેલા છે. અને મોટા ભાગના વાડી વિસ્તારમાં રહેતા હોય છે. જેમાં ખત્રીવાડા, દુધાળા, મોઠા, ગાંગડા, સોંદરડા, સોંદરડી, ઉંટવાળા, પસવાળા સહીતના ગામો અને તમામ સાત મોલી સહીત ગામડાના લોકો સનખડા દવાખાને સારવાર અને તપાસ અર્થે આવતા હોય છે. પરંતુ હોસ્પીટલમાં ડોક્ટરજ ન હોવાના કારણે દર્દીઓ હેરાન પરેશાન થઈ જાય છે. જોકે આજુ બાજુ ગામના




લોકો દર્દીઓને જતા હોય ત્યારે માત્ર પ્રાથમિક સારવાર મળતી હોય જ્યારે વધુ સારવાર માટે ઉના હોસ્પીટલ સુધી ધક્કા ખાવાનો વારો આવે છે. દૂર દૂર ગામથી આવતા શ્રમિક ગરીબ વર્ગના લોકોને વધુ સારવાર કે તપાસ માટે વાહનોના ટીકીટ ભાડા ખર્ચી જવું પડે છે. જેથી ગ્રામ્ય વિસ્તારના લોકોના દર્દીઓને ધ્યાને રાખી સનખડા આરોગ્ય કેન્દ્રમાં એમ બી બી એસ ડોક્ટરની તાત્કાલીક નિમણુંક કરવામાં આવે તેવી વિરાભાઈ ઝાલાએ ગીરસોમનાથ જીલ્લા આરોગ્ય વિભાગને લેખિત રજુઆત કરી છે.

## વાંકાનેર ફેક્ટરીમાં મળેલ શંકાસ્પદ વસ્તુ બાબતે ખુલાસો કરતાં મોરબી એસ.પી.

ચક્વાત ટીમ વાંકાનેર, તા.૦૮

વાંકાનેર તાલુકાના સરતાનપર રોડ પર આવેલ સેટમેક્સ સિરામિક ફેક્ટરીમાં બૉમ્બ જેવી શંકાસ્પદ વસ્તુ મળવાના પ્રકરણમાં મોરબી જિલ્લા પોલીસ વડાએ ખુલાસો કરતાં જણાવ્યું હતું કે હાલ બોમ્બ સ્ક્વોડ અને પોલીસની પ્રાથમિક તપાસમાં શંકાસ્પદ પાર્સલમાં કોઈ મોટી વિસ્ફોટક પદાર્થ મળી આવેલ નથી. આ સાથે જ પાર્સલ આપી જનારે એક નંબર પણઆપ્યા હતા તે નંબર પરથી ફેકટરી માલિકને ત્રણ-ચાર મેસેજ પણ મળ્યા હતા. આ મામલે વધુ વિગતો પોલીસ તપાસ અને એફ.એસ.એલ.ના રિપોર્ટ આવ્યા બાદ જ જાણવાં મળશે. આ સમગ્ર મામલે મોરબી જિલ્લા પોલીસ વડા એસ. આર. ઓડેદરાએ જણાવ્યું હતું કે કોઈ અજાણ્યો શખ્સ ફેકટરીના વોચમેનને એક પાર્સલ આપી ગયો હતો જે બાદમાં માલિકને પાર્સલમાં બૉમ્બ જેવી વસ્તુ દેખાતા તેમને આ બાબતની જાણ પોલીસને કરી હતી. ફેકટરીના સિક્યુરિટી ગાર્ડને પાર્સલ આપી જનાર હિન્દી ભાષી શખ્સે પાર્સલની સાથે એક નંબર પણ આપ્યા હતા. જેનો સંપર્ક કરવાનો ફેકટરી માલિકે પ્રયત્ન પણ કર્યો હતો. જે બાદ આ નંબર પરથી ફેકટરી માલિકને ત્રણથી ચાર મેસેજ પણ મળ્યા હતા. પરંતુ આ મેસેજ માં શું હતું અને નંબર સાથે શું વાતચીત થઈ તે મામલે હજુ પોલીસ દ્વારા કોઈ ફોડ પાડવામાં આવ્યો નથી.

## બોટાદ નગરપાલિકા દ્વારા ચાઈનીઝ દોરા તેમજ તુક્કલ અંગેનુ ચેકિંગ હાથ ધરાયું



ચક્વાત ટીમ બોટાદ, તા.૦૮

બોટાદ નગરપાલિકાના શોપ ઈન્સ્પેકટર રાજુભાઈ ડેરૈયા તથા રાહુલભાઈ પીપાવત તથા અવિનાશભાઈ પંડ્યા દ્વારા બોટાદ શહેરની અંદર દોરા તથા પતંગનો વેપાર કરતા વેપારીઓને ત્યાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું તેમજ ચાઈનીઝ દોરા તથા તુક્કલ ન વેચવા અંગે સુચના આપવામાં આવી હતી.

## ત્રિવેણી સંગમ પાસે આવેલ ઈલેક્ટ્રિક સ્મશાન ભઠ્ઠીની ચિમની લીકેજ : ડાઘુઓને ભારે મુશ્કેલી




ચક્વાત ટીમ વેરાવળ, તા.૦૮

સોમનાથ ત્રિવેણી સંગમ કિનારે પરશુરામની તપોભૂમિ ખાતે નગરપાલિકા સંચાલીત સ્મશાન આવેલું છે પણ તેની ઈલેક્ટ્રિક ભઠ્ઠીની ચીમની લીકેજ હોવાથી ધુમાડાના ગોટા ઉપરથી નીકળવાને બદલે સાઈડમાંથી નિકળતા હોઈ ડાઘુઓને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે અહીં ઈલેક્ટ્રિક ભઠ્ઠી છે. પણ તેની ચીમની લીકેજ હોવાથી ધૂમાડો ઉપર તરફ જવાને બદલે સાઈડમાંથી નિકળે છે. આથી ડાઘુઓને ત્યાં બેસવું મુશ્કેલ બને છે. વળી આ ધૂમાડો અડધો કિમી દૂર ત્રિવેણી ઘાટ સુધી પહોંચે છે. આથી યાત્રિકોને પણ મુશ્કેલી પડે છે. આ સ્થિતી લાંબા સમયથી પ્રવર્તી રહી છે. આમ છત્તાં નગરપાલિકાના સત્તાધીશો ધ્યાન આપતા નથી. સોમનાથ પવિત્ર ભૂમિ હોઈ આસપાસના ૪૦ થી ૫૦ ગામોના લોકો અંતિમવિધી માટે અહીં આવતા હોય છે. આથી ઈલેક્ટ્રિક ભઠ્ઠી તાકીદે રીપેર કરવા લોકોની માંગણી છે.

## ગીર સોમનાથમાં આખલા પર થયેલ હૂમલા બાબતે કાર્યવાહી કરવા માંગ

ચક્વાત ટીમ ગીર સોમનાથ, તા.૦૮



ગીર સોમનાથ જિલ્લામાં એક અબોલ પશુ પર કોઈ અસામાજિક તત્વો દ્વારા તીક્ષ્ણ હથિયાર વડે એવી રીતે હુમલો કરવામાં આવ્યો કે ભાલા જેવો લોખંડનો પાઈપ અબોલ આખલાના શરીરમાંથી આરપાર પસાર થઈ ગયો જેના ફોટા પણ સોશીયલ મીડિયામાં ખૂબ વહેતા થયા છે જેના કારણે ગીર સોમનાથ જિલ્લા અને સમગ્ર ગુજરાતના તમામ ગૌપ્રેમી અને સમગ્ર જનતાના મુખે આવું કૃત્ય કરનાર અસામાજિક તત્વોને શોધી કાઢી અને એમના ઉપર કાયદેસરની કાનૂની કાર્યવાહી કરવાની લોકમુખે ઉગ્ર માંગ ઉઠી છે. લોકો પાસેથી મળતી માહિતી મુજબ આ ઈજાગ્રસ્ત આખલો સિડોકર ગામેથી મળી આવેલ છે અને આવી ગંભીર રીતે જ્યારે અબોલ પશુ ઉપર હુમલો કરવામાં આવ્યો છે ત્યારે અખિલ ભારતીય સર્વદલિય ગૌ રક્ષા મહાભિયાન સમિતિના ગુજરાત અધ્યક્ષ પ્રવિણ રામે જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી સાથે મુલાકાત કરી હતી અને આ ઘટનામાં સંડોવાયેલા અસામાજિક તત્વો સામે કાયદેસરની કાનુની કાર્યવાહી કરવાની સર્ચા કરી હતી.

## વાંકાનેરના કોળી સમાજના યુવાનની તાલુકા કોંગ્રેસની ટીમના ઉપપ્રમુખ તરીકે વરણી



ચક્વાત ટીમ વાંકાનેર, તા.૦૮

વાંકાનેર તાલુકા કોંગ્રેસના ઉપપ્રમુખ વાંકાનેર તાલુકાના કોઠારીયા ગામના વતની અને કોળી સમાજના યુવા આગેવાન એવા જગદીશભાઈ કોબિયાની વાંકાનેર તાલુકા કોંગ્રેસની નવી જાહેર કરેલ ટીમમાં ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે.

મોરબી જીલ્લામાં કોંગ્રેસ દ્વારા હાલમાં તમામ તાલુકાની અંદર હોદ્દેદારોની વરણી કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે તે દરમિયાન વાંકાનેર તાલુકા કોંગ્રેસની ટીમ જાહેર કરાઈ છે જેમાં ઉપપ્રમુખ તરીકે વાંકાનેર તાલુકાના કોઠારીયા ગામના રહેવાસી કોળી સમાજના યુવા આગેવાન જગદીશભાઈ લીંબાભાઈ કોબિયાની વરણી કરવામાં આવી છે. જગદીશભાઈ વાંકાનેર કોળી સમાજમાં સતત સક્રિય રહી લોકસેવાના કામો કરતાં હોય જેની નોંધ લઈને કોંગ્રેસ દ્વારા તેમની વાંકાનેર તાલુકા કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. જેથી તેમના મોબાઈલ નંબર ૭૯૯૮૦ ૪૨૮૧૭ પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

## કોડીનારના ખેડૂતો અને રાજય સરકારની સૂર્યોદય યોજના

ચક્વાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૮



એક તરફ દેશમાં ખેડૂત આંદોલન ચાલી રહ્યું છે તો બીજી તરફ ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને રિજવવા અથવા તો ગુજરાતના ખેડૂતો આંદોલનના માર્ગે ના જાય તેવી યોજનાઓ ઘડવા લાગ્યા છે, તેમાં એક યોજના છે સૂર્યોદય યોજના ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો માટે દિવસે વિજળી આપવા જે સૂર્યોદય યોજના બહાર પાડવામા આવી છે તે યોજનામા ગીર સોમનાથ જીલ્લાના કોડીનાર તાલુકા ઘણાં ફિડર બાકી છે તે ફીડર નો સમાવેશ કરવા કોડીનાર કિશાન એકતા સમિતિ, તેમજ કોડીનાર ખેડૂત મંડળ દ્વારા સરકારમા રજૂઆત કરવામાં આવી, જેમાં ખેડૂત આગેવાનો દિપકભાઈ વાળા, સુરપાલસિહ બારડ, અજીતસિંહ ડોડીયા, શનિભાઈ બારડ, જગુભાઈ મોરી, તેમજ બહોળી સંખ્યામાં ખેડૂતો હાજરી આપી હતી. કિશાન એકતા સમિતિ, શ્રી કોડીનાર તાલુકા ખેડૂત મંડળ જેવી ખેડૂતોની હક્ક અને હિત માટે લડત આપતા મંડળો દ્વારા આક્રોશ સાથે રજૂઆત કરી હતી, ઉલ્લેખનીય છે કે કોડીનાર ખેડૂત આંદોલનમાં પણ આ સંગઠનોની અગત્યની ભૂમિકા રહી છે.

# નારિયેળની આડમાં છુપાવેલ ૪૬૭ પેટી દારૂ ભરેલ ટ્રક ઝડપાયો, કુલ ૪૩.૬૭ લાખનો મુદ્દામાલ જપ્ત

ચક્વાત ટીમ વાંકાનેર, તા.૦૮

વાંકાનેર સીટી પોલીસને મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે શહેર નજીક આવેલ અમરસર ગામના સરકારી ખરાબામાંથી એક ટ્રકને ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪૬૭ પેટી સાથે પોલીસે ઝડપી લીધો હતો. પોલીસ દ્વારા કુલ ૫૬૦૪ નંગ વિદેશ દારૂની બોટલો સાથે, એક ટ્રક, એક સ્કોર્પિયો ગાડી સહિત કુલ ૪૩,૬૭,૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ રેન્જ આઈજી સંદીપસિંહના માર્ગદર્શન હેઠળ અને મોરબી એસપીની સૂચનાથી વાંકાનેર સીટી પીઆઈ બી.પી. સોનારાને તાલુકામાં વ્યાપ્ત દારૂના દૂષણને દૂર કરવાની



સુચના અન્વયે વાંકાનેર સીટી પોલીસ ડી સ્ટાફની ટીમના પેટ્રોલિંગ દરમિયાન ડી સ્ટાફના કૃષ્ણરાજસિંહ ઝાલા અને પ્રતિપાલસિંહ વાળાને મળેલી ચોક્કસ બાતમીના આધારે વાંકાનેર શહેર નજીક આવેલ તાલુકાના અમરસર ગામના સરકારી ખરાબામાં ટ્રક નંબર યુપ્ર ૧૫-છ્- ૧૫૪૧માં સુકા નાળિયેરની આડમાં વિદેશી દારૂ ભરેલ હોવાની બાતમી મળતા પોલીસ ટીમ દ્વારા સ્થળ પર રેડ કરતા સરકારી ખરાબામાં ઉભેલા ટ્રક અને એક સ્કોર્પિયો ગાડ મળી આવતા ટ્રકની તલાશી લેતા સુકા નાળિયેરની આડમાં છુપાવેલ ૪૬૭ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ સાથે જ પોલીસ દ્વારા સ્થળ પરથી ટ્રક ડ્રાઈવર વાહિદખાન (રહે. મૂળ યુપી)ની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા આ રેડ દરમ્યાન વિદેશી દારૂની રોયલ ચેલેન્જ બ્રાન્ડની ૧૨૧ પેટી, મેકડોવેલ બ્રાન્ડન ૨૯૫ પેટી, બુલ્સ આઈ બ્રાન્ડની ૫૧ પેટી મળી કુલ ૪૬૭ પેટી વિદેશી દારૂ (૫૬૦૪ બોટલ) જેની કિંમત રૂપિયા ૨૪,૬૨,૭૦૦ નો દારૂનો જથ્થો, એક ટ્રક જેની કિંમત રૂ. ૭,૦૦,૦૦૦ એક સ્કોર્પિયો ગાડી ઋએની કિંમત રૂ. ૧૨,૦૦,૦૦૦ અને એક રૂ. ૫૦૦૦ની કિંમતનો મોબાઈલ મળી કુલ રૂ. ૪૩,૬૭,૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતી દ્વારા સ્ટેટેજી કમિટીમાં ૯૦-સોમનાથના ધારાસભ્ય ચુડાસમાની સભ્ય તરીકે વરણી

ચક્વાત ટીમ, તા.૦૮

૯૦-સોમનાથ વિધાનસભાના યુવા અને લોકલાડીલા ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટી દ્વારા સ્ટેટેજી કમિટીમાં મહત્વની જવાબદારી સાથે નિમણૂક કરવામાં આવેલ છે, ટૂંક સમયમાં ગુજરાત ભરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજવાની હોય જેમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓની અતિ મહત્વની ચૂંટણીઓ યોજાનાર હોય તેથી ગુજરાત કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ અમિતભાઈ ચાવડા દ્વારા ચૂંટણીલક્ષી સ્ટેટજી કમિટીની રચના કરવામાં આવેલ છે, સ્થાનીક ચૂંટણીઓમાં કોંગ્રેસ પાર્ટી વિજય થાય તે માટે નિષરાંતોની સ્ટેટજી કમિટી બનાવેલ છે, આ કમિટીમાં ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને પૂર્વ કેન્દ્રીય કેબિનેટ મિનિસ્ટર ભરતસિંહ સોલંકીની ચેરમેન તરીકે નિમણૂક થયેલ અને તેમના માર્ગદર્શન હેઠળ આ કમિટીમાં તમામ



નિમાયેલા સદસ્યોએ કોંગ્રેસ પાર્ટીને વિજય બનાવવા માટે કટિબદ્ધતા દર્શાવેલ છે, આ મુજબ સોમનાથ વિધાનસભાના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સ્ટેટજી કમિટીમાં નિમણૂક થતાં ગીર સોમનાથ જિલ્લા તથા વેરાવળ તાલુકાનાં આગેવાનો કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાને અભિનંદન અને શુભકામનાનો સંદેશો પાઠવેલ છે.

## ઊનામાં નાયબ પોલીસ અધિક્ષકની કચેરી તાત્કાલીક શરૂ કરવા માંગણી

### તાલુકા મહીલા કોંગ્રેસ પ્રમુખે ગૃહવિભાગને રજુઆત કરી

ચક્વાત ટીમ ઊના, તા.૦૮

ગીરસોમનાથ જીલ્લાના સૈથી મોટા તાલુકો ઊના આવેલ છે. ગ્રામ્ય વિસ્તાર અને શહેરની જનસંખ્યા ઉપરાંત અરબી સમુદ્રના કંઠાળ ૨૦ કિ.મી. અંતરમાં આવેલ છે. આ ઉપરાંત નજીકમા: ગીરગઢડા અને કોડીનાર તાલુકાના ગ્રામિણ વિસ્તાર પણ ઉના તાલુકામાં ધણા આવતા હોય ગીરસોમનાથ જીલ્લા પણ ૮૫ કિ.મી.દૂર અંતરે આવેલ હોય સેન્સેટીવ ગામોને ધ્યાને લઈ ઉના તાલુકાને નાયબ કલેક્ટર કચેરી સ્થાપના કરી છે. તેજ પ્રમાણે નાયબ પોલીસ અધિક્ષકની કચેરી તાત્કાલીક શરૂ કરવા તાલુકા મહીલા કોંગ્રેસ પ્રમુખ મીનાબેન બી સોલંકીએ રાજ્યના ગૃહ વિભાગને રજુઆત કરી માંગણી કરી છે. સાત વર્ષ ૫ હેલા ઊના તાલુકાના નાયબ પોલીસ અધિક્ષકની જગ્યા અને કચેરી મંજુર કરવામાં આવી છે. પરંતુ આટલા વર્ષ બાદ પણ આ તાલુકાની ગુન્હાખોરી અને પ્રોહિબીશન મહીલા વિરૂધ્ધ તેમજ અનેક ગુન્હાઓની સંખ્યા જોવામાં આવે તો કાયદો વ્યવસ્થા મજબૂત કરવા પોલીસ અધિક્ષકની નિમણુંક કરી કચેરી તાત્કાલીક શરૂ કરવી જોઈએ તેવી માંગણી ઉઠેલ છે.

# ટ્રેન દુર્ઘટનાનો ભોગ બનેલા બે હજાર લોકો : બે વર્ષમાં ૭૮૮ લોકો ટ્રેનોમાંથી પડી ગયા

ચક્રવાત ટીમ, મુંબઈ, ૮

ઘણા મુસાફરો સમય બચાવવા શોર્ટકટ્સના વિચારે ટ્રેનની અડફેટે આવતા પોતાનો જીવ ગુમાવે છે. છેલ્લા બે વર્ષમાં, લાઈન પસાર કરતી વખતે લોકલ અને મેઈલ-એક્સપ્રેસ ટ્રેનો સાથે અથડાતા આશરે ૨૦૦૦ થી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે. મુસાફરી દરમ્યાન મુસાફરોની બેદરકારીનો ભોગ બને છે ,રેલવે પ્રશાસન લાઈન ક્રોસિંગ કરતા અટકાવવાનાં પગલા લેવામાં નિષ્ફળ ગયુ છે. રેલ્વે પોલીસના જણાવ્યા અનુસાર, રેલ્વે ટ્રેક ક્રોસ કરતી વખતે તેમજ ટ્રેનમાંથી નીચે પડતા બે વર્ષમાં કુલ ૭૮૮ મુસાફરો માર્યા ગયા હતા. રેલવે સ્ટેશનો પર વારંવારની ઘોષણાઓ પછી પણ ઘણા મુસાફરો જોખમ લે છે કે લાઈન ક્રોસ કરવું જોખમી છે. ઝૂંપડપટ્ટીવાસીઓએ પણ ટ્રેક નજીક રક્ષણાત્મક દિવાલો તોડી નવો રસ્તો બનાવ્યો છે. ઘણા લોકો તેનો ઉપયોગ સ્ટેશન પર જવા માટે કરે છે. કેટલીકવાર એક અચાનક કોઈ લોકલ ટ્રેક ક્રોસ કરતા તરત જ બીજા પ્લેટફોર્મ પર જવાનું જાહેર થતાં જ મુસાફરો જલદીથી તે પ્લેટફોર્મ પર પહોચવા દોડે છે..આવા કિસ્સાઓમાં, મુસાફરો પદયાત્રિ પુલને બદલે રેલવે લાઈન પાર કરીને બીજા પ્લેટફોર્મ પર પહોંચે છે.

૨૦૧૯માં, પશ્ચિમ અને મધ્ય રેલ્વે ઉપનગરીય માર્ગો પર લાઈન પાર કરતી વખતે ૧૪૫૫ મુસાફરો માર્યા ગયા હતા. ૨૦૨૦ના પહેલા ત્રણ મહિનામાં મોટી સંખ્યામાં અકસ્માતો જોવા મળ્યા. માર્ચના અંતથી લોકડાઉનને કારણે લોકલ અને મેલ-એક્સપ્રેસ ટ્રેનોની સંખ્યા ઓછી છે. જૂનથી આ સેવાઓ ધીરે ધીરે વધી રહી છે. જેથી મુસાફરોનો



ધસારો ફરીથી વધવા લાગ્યો. ૨૦૨૦ માં, લાઈન પસાર કરતી વખતે ટ્રેનોની અડફેટે આવતા ૭૩૦ મુસાફરો માર્યા ગયા, જ્યારે ૧૨૯ લોકો ઘાયલ થયા, જે ૨૦૧૯માં ૨૭૬ હતા. આ ઉપરાંત, લોકલ અથવા એક્સપ્રેસ ટ્રેનોની ગાડીમાંથી પડતા થયેલ અકસ્માતોમાં ઘણા મુસાફરોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આમાંના મોટાભાગના અકસ્માતો લોકલમાંથી પડવાના કારણે થાય છે. ૨૦૧૯માં, ૬૧૧ મુસાફરો માર્યા ગયા અને ૧૪૦૬ ઘાયલ થયા. ૨૦૨૦માં, સમાન સંખ્યામાં ૧૭૭ લોકો માર્યા ગયા અને ૩૬૪ અન્ય ઘાયલ થયા. લોકડાઉન પહેલા લોકલ ટ્રેનોમા ભીડને કારણે દરવાજા પર ઉભા રહીને મુસાફરી કરતી વખતે ઘણા લોકો તેમનો સંતુલન ગુમાવતા, દરવાજા નજીક લટકીને મુસાફરી કરતી વખતે, કેટલાક મુસાફરો સ્ટન્ટ્સ કરતી વખતે પડી જતા અકસ્માતો નોંધાયા છે. ૨૦૨૦માં મધ્ય અને પશ્ચિમ ઉપનગરીય રેલ્વે પણ આપઘાતનું સ્થળ બની ગયું છે. ૨૪ પુરુષો અને ત્રણ મહિલાઓ સહિત ૨૭ લોકોએ આત્મહત્યા કરી છે. થાણે અને વસઈ લોહમર્ગ પોલીસે ૭ આત્મહત્યા નોંધી છે. ૨૦૧૯માં ૨૮ લોકોએ આત્મહત્યા કરી હતી. ૨૦૨૦માં મુંબઈ ઉપનગરીય રેલ્વે પર ટ્રેક ક્રોસ કરવાથી, ટ્રેનોમાંથી નીચે આવીને, દોડતી લોકલ પકડતી વખતે અને પ્લેટફોર્મસની ખાલી જગ્યામાં પડી જવાથી, ઓવરહેડ વાયરનો આંચકો, આત્મહત્યા, કુદરતી મૃત્યુ અને અન્ય કારણોસર કુલ ૧,૧૧૬ લોકો મૃત્યુ પામ્યા હતા.વર્ષ ૨૦૧૯માં વિવિધ અકસ્માતોમાં ૨,૬૯૧ લોકો માર્યા ગયા અને ૩,૧૯૪ ઘાયલ થયા. ૨૦૨૦ માં ઘાયલોની સંખ્યા ૮૮૪ છે.

# મહારાષ્ટ્રમાં ૧૧ મહિનામાં ૨૨૭૦ ખેડૂતોની આત્મહત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ ,૮

ઉજ્જડતા, કુદરતી આફતો અને અન્ય કારણોસર પાકનું નુકસાન થતા ૧ જાન્યુઆરી ૨૦૨૦ થી ૩૧ નવેમ્બર ૨૦૨૦ દરમિયાન રાજ્યમા ૨૨૭૦ ખેડુતોએ કર્જના બોજાએ આત્મહત્યા કરી છે.તેમાંથી ફક્ત ૯૨૦ ખેડુતોના પરિવારજનને જ એક લાખ રૂપિયાની સહાય રાજ્ય સરકાર તરફથી મળેલ છે. આ જાણકારી સામાજિક કાર્યકર્તા જિતેન્દ્ર ઘાડગેને માહિતી અધિકાર હેઠળ મળી છે. ૦૧૯મા ૨,૮૦૮ ખેડુતોએ આત્મહત્યા કરી હતી. તેમાથી ફક્ત ૧,૫૭૮ ખેડુતોના પરિવારજનને એક લાખ રૂપિયા અનુદાન મળ્યુ છે. આ વર્ષે વિદર્ભમાં વધારે આત્મહત્યા થઈ છે.તેમજ ત્યાંના વધારે ખેડુતોને અનુદાન આપવાનું નકારવામા



આવ્યુ છે. ટોટલ ૯૯૦ ખેડુતોએ આત્મહત્યા કરી હતી, તેમાથી ફક્ત ૩૪૮ ખેડુતોના પરિવારજનને અનુદાન આપવામા આવ્યું છે. તેમજ ૪૧૧ ખેડુતોને અનુદાન આપવાનું નકારવામા આવ્યું છે. યવતમાલ, અને અમરાવતી જિલ્લામા ૨૯૫ અને ૨૪૮ ખેડુતોએ આત્મહત્યા કરી છે. આમ કોઈ પણ સરકાર હોય દરેક પક્ષ ખેડુતોને આત્મહત્યા કરતા રોકવામા નિષ્ફળ ગયા હોવાનું તેમજ ગંભીરતા ન જોતા હોવાનો આક્ષેપ ઘાડગે એ કર્યો છે. કર્જમાફીને નિષ્ફળતા મળતા ભવિષ્યમા કેન્દ્ર સરકારના ત્રણ નવા કાયદા ધોકાદાયક હોવાનું જણાવ્યુ છે.ખેડુતોને ૨૦૦૫ના નિયમ પ્રમાણે એક લાખ રૂપિયાનું અનુદાન નકારવામા આવે છે. આ મુદ્દે તેઓ હાયકોર્ટમા દાદ માગશેની માહિતી ઘાડગેએ આપી છે.

## અંબરનાથમાં વિદેશી દારૂનો જથ્થો જપ્ત



અંબરનાથમાં ગેરકાયદે લઈ જવાતા વિદેશી દારૂના જથ્થાને પોલીસે પકડી પાડી બે આરોપીની ધરપકડ કરી હતી. કારમાંથી ટુ વ્હીલર માં દારૂ મૂકતા સમયે પોલીસે બંને આરોપીને પકડી કુલ સાડાપાંચ લાખ રૂપિયાની કિંમત નો વિદેશી દારૂ અને બંને વાહનો જપ્ત કર્યાં હતા. ગેરકાયદે દારૂના વેચાણથી સરકારને મહેસૂલી આવકમાં નુકશાન થાય છે.

# ઘરના વિવાદે પિતરાઈ ભાઈની હત્યા: હત્યા કર્યા બાદ ભુતપૂર્વ પોલિસ અધિકારીનો આત્મહત્યાનો પ્રયાસ

## પોલિસની સતર્કતાએ ઘાયલ મહિલા અને આરોપીનો જીવ બચ્યો

ચક્રવાત ટીમ, મુંબઈ ૮

મુંબઈ પોલીસ દળમાંથી નિવૃત્ત થયેલા પોલીસ મદદનીશ સબ ઈન્સ્પેક્ટર મહેન્દ્ર કર્ડકે(૫૫) બુધવારે રાત્રે અહીં કિસાન નગર વિસ્તારમાં બે જણ પર છરી વડે હુમલો કર્યો હોવાનું બહાર આવ્યું છે. આરોપીની ભાભી નીતા ગંભીર રીતે ઘાયલ થઈ હતી અને પિતરાઈ ભાઈનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. શ્રીનગર પોલીસે આ કેસમાં મહેન્દ્રની ધરપકડ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે તેણે ઘરની માલિકીના વિવાદથી આ કૃત્ય આચર્યું હતું.મહેન્દ્ર કાર્ડક કિસાન નગરમાં વિજય સદન બિલ્ડિંગમાં એકલા રહે છે. તે મુંબઈ પોલીસ ફોર્સમાં પોલીસ સહાયક સબ ઈન્સ્પેક્ટર તરીકે નોકરી કરતો



હતો. તેમણે થોડા મહિના પહેલા સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. મહેન્દ્ર જ્યાં રહે છે તે ઘર તેની ભાભી નીતાની માલિકીનું છે. મહેન્દ્રનો ભાઈ રાજનનું ૨૦૧૮મા મોત થયુ હતુ.ત્યારથી તે ઘરમા મહેન્દ્ર એકલો રહેતો હતો. મહેન્દ્ર અને નીતા વચ્ચે ઘર ખાલી કરવાના કારણ અંગે અવારનવાર વિવાદ થતા રહ્યા હતા. બુધવારે રાત્રે નીતા અને આરોપીનો પિતરાઈ ભાઈ અજય કર્ડક(૨૮) મહેન્દ્રના ઘરે આવ્યા હતા. તે સમયે મહેન્દ્ર સાથે તેઓની દલીલ થઈ હતી. દલીલ એટલી આગળ વધી ગઈ હતી કે મહેન્દ્રએ નીતા પર હુમલો કર્યો હતો. જ્યારે અજય તેનો બચાવ કરવા આગળ આવ્યો ત્યારે મહેન્દ્રએ પણ તેના પર હુમલો કર્યો હતો. પડોશીઓએ આ ઘટનાની જાણ પોલીસ કંટ્રોલ રૂમમાં કરી હતી. શ્રીનગર પોલીસ કોન્સ્ટેબલ સુનીલ ધોંડે અને મુકુંદ રાઠોડ ઘટના સ્થળે દોડી ગયા હતા. અજય અને નીતા બંને સ્થળ પર લોહીલુહાણ થયેલા હતા. અજયનું ઘટનામા મૃત્યુ થયુ હતુ અને નીતા ઘાયલ થઈ. પોલીસે તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી હતી.પોલિસે મહેન્દ્ર પકડવાનો પ્રયાસ કરતા તેણે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.પરંતુ પોલિસે અધિકારી ધોંડે અને બીટ માર્શલ મુકુંદ રાઠોડે આરોપીને વાતચિતમા પરોવી રાખી તેના હાથમાથી ચાકુ ઝૂંટવી લઈ અટક કરી હતી.

# લોજમાં પોર્ન વિડિયો જોઈ તે પ્રમાણે કરવા જતા યુવકનું ગળુ દબાતા મૃત્યુ

ચક્રવાત ટીમ, મુંબઈ, ૮

નાગપુરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જ્યાં મોબાઈલ ફોન પર પોર્ન વીડિયો જોતાં અને જુદી જુદી પોઝીશનમા સેક્સ કરવાનો પ્રયાસ કર્યા બાદ એક યુવકનું ગળું દબાતા મૂર્ત્યુ થયુ હતુ. પોલીસના જણાવ્યા મુજબ, આ ઘટના નાગપુર જિલ્લાના સવનેર તાલુકાના ખાપરખેડા પોલીસ સ્ટેશનના એક લોજમાં બની હતી. આ ઘટનામાં માર્યો ગયેલો યુવક ૨૭ વર્ષનો એન્જિનિયર છે. તે હાલમાં બેરોજગાર હોવાનું જાણવા મળે છે. મૃતકનું છેલ્લા કેટલાક સમયથી ૨૦ વર્ષની યુવતી સાથે અફેર હતું. શુક્રવારે બંનેએ બહાર ફરવા જવાનું આયોજન કર્યું હતું. આ બંનેએ ખાપરખેડા પોલીસ સ્ટેશનની હદમાં દહેગાંવ વિસ્તારમાં આવેલા એક લોજમાં એક રૂમ બુક કરાવી હતી. ત્યાં ગયા પછી બંનેએ શારીરિક સંબંધનો પ્રસ્તાવ મૂક્યો. આ વખતે જુદી જુદી સ્થિતિમાં શારીરિક સંબંધોનો પ્રસ્તાવ કરતી વખતે બંનેએ રસ્સીનો ઉપયોગ કર્યો હતો. યુવક ખુરશી પર બેઠા પછી તેના હાથ અને પગ દોરડાથી બાંધવામાં આવ્યા હતા, જેની ગળાની આસપાસ લપેટી હતી. આ સ્થિતિમાં સેક્સ કર્યા પછી, યુવતી બાથરૂમમાં ગઈ. ત્યારે યુવક ખુરશી સાથે નીચે પડ્તા ગળામા બાંધેલ હતી. જેને લઈને તેનું ગળુ દબાતા મોત થયુ હતુ. તેની ગર્લફ્રેન્ડ બાથરૂમની બહાર આવી ત્યાં સુધીમાં તે યુવક મરી ગયો હતો. ઘટનાની જાણ તાત્કાલિક લોજ મેનેજરને કરવામાં આવી હતી. આ અંગે તેમણે પોલીસને જાણ કરતાં પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે યુવકની લાશને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપી હતી અને તપાસ ચાલુ છે.

# પ્રેમિકાને ગામથી નહીં બોલાવનાર પતિની હત્યા કરનાર પ્રેમીની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ ,૮

માલવણીમા પતિએ પોતાની પત્નીના અન્ય સાથે અનૈતિક સબંધ હોવાથી ગામમા મોકલી આપી હતી, પ્રેમીએ તે મહિલાના પતિએ પત્નીને ગામમાથી પાછી ન બોલાવતા તેના પ્રેમીએ હત્યા કરી લાશ મદર ટેરેસાના ગાર્ડનમા સંતાડી મુકી હતી.માલવણી પોલિસે હત્યાનો ગુનો નોંધતા ક્રાઈમ બ્રાંન્ચ દ્વારા તપાસ કરી તે મહિલાના પ્રેમીની ધરપકડ કરી કેસ ૨૪ કલાકમા ઉકેલ્યો હતો. માલવણીમા માર્વે રોડ પર આવેલ મધર ટેરેસા ગાર્ડનમા એક બેંચ નીચેથી એક વ્યક્તિની હત્યા કરેલ મૃતદેહ ૫ જાન્યુઆરીએ મંગળવારે સવારના મળી આવ્યો હતો.મૃતકનું ગળુ ચિરી હત્યા કરવામા આવી હતી.માલવણી પોલિસ અને ક્રાઈમ બ્રાંન્ચ યુનિટ ૧૧નો સ્ટાફ ઘટના સ્થળે પહોચી ગયો હતો.તપાસમા તે મૃતદેહ રથોડી ગામમા ઓમજી કંપાઉન્ડના શ્રીરામ વેલ્ફેર સોસાયટીની ચાલમા રહેનાર અશોક યાદવનો હોવાનું જાણવા મળ્યુ હતુ. ક્રાઈમ બ્રાંન્ચ દ્વારા તે સ્થળના મોબાઈલ ટાવર લોકેશન પરથી સોમવરના મોડી રાતના તે સ્થળે બે જણ હોવાનું જાણવા મળ્યુ હતુ.પોલિસે મોબાઈલ નંબરની તપાસ કરતા તે બીજો નંબર પૃથ્વીરાજ ચૌહાણ (૨૫)નો હતો.જે મૃતક અશોકની ચાલમા જ રહેતો હતો, પોલિસ તેના ઘરે પહોચી તો તે ગાયબ હતો. પરંતુ તપાસ કરી પોલિસ દ્વારા આરોપી પૃથ્વીરાજ ચૌહાણને અન્ય ઘરમાથી પકડવામા આવ્યો હતો.પોલિસની કડક પૂછપરછમા તેણે હત્યા કર્યાનું કબુલ્યુ હતુ.હત્યાનુ કારણ તેના મૃતકની પત્ની સાથે અનૈતિક સબંધ હતા,જે બાબતની જાણ અશોકને થતા તેની પત્નીને લોકડાઉન દરમિયાન ગામમા મોકલી આપી હતી. સોમવારના દારૂ પીવાને બહાને અશોકને લઈ જઈને તેની હત્યા કરી તેની લાશ ત્યાં ગાર્ડનમા બેંન્ચ નીચે છુપાવી દીધી હતી.

# વર્ષા રાઉતને ઈડી દ્વારા ફરીથી સમન્સ પૂછપરછ માટે ૧૧ જાન્યુઆરીએ બોલાવ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ, ૮

શિવસેનાના સાંસદ સંજય રાઉતની પત્ની વર્ષા રાઉતને ફરી એક વખત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યા છે. વર્ષા રાઉતને પૂછપરછ માટે ૧૧ જાન્યુઆરીએ ઈડી ઓફિસમાં હાજર થવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ અગાઉ ૪ જાન્યુઆરીએ વર્ષા રાઉત ઈડી ઓફિસમાં પૂછપરછ માટે હાજર થયા હતા. તેની પૂછપરછ ઈડીના અધિકારીઓએ લગભગ સાડા ત્રણથી ચાર કલાક કરી હતી. ઈડી વર્ષા રાઉતની ૫૫ લાખ રૂપિયાની લેવડદેવડની તપાસ કરવા માંગે છે જેમાં વર્ષા રાઉતે પીએમસી બેંક સાથે સંકળાયેલાઓ સાથે થયેલ નાણાકીય લેવડદેવડ કરી હતી. ઈડીએ તેમને ૨૯ ડિસેમ્બરે પૂછપરછ માટે ઓફિસમાં હાજર રહેવાની સૂચના આપીને એક નોટિસ મોકલી હતી.પરંતુ તે સમયે તેઓ હાજર થયા ન હતા. ઈડીએ ૧૧ ડિસેમ્બરે વર્ષા રાઉતને નોટિસ મોકલી હતી. તે સમયે તે હાજર નહોતી. ત્યારબાદ તેમને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૨૯ ડિસેમ્બરે હાજર થવાનો આદેશ આપવામાં આવ્યો હતો. પરંતુ વર્ષા રાઉતે ૨૮ ડિસેમ્બરે ઈડીને પત્ર લખીને તપાસમાં હાજર રહેવા માટેનો સમય વધારવાની માંગ કરી હતી. તે મુજબ તેઓ ૫ જાન્યુઆરીએ હાજર થવાના હતા. પરંતુ તે એક દિવસ અગાઉ ૪ જાન્યુઆરીની બપોરે ઈડીની ઓફિસ પર પહોંચ્યા હતા.

પીએમસી બેંકમાં બનાવટી ખાતાઓ દ્વારા બિલ્ડરને કરોડો રૂપિયાની લોન આપવામાં આવી હતી, તેવું આરબીઆઈએ ૨૦૧૯માં નિરીક્ષણ કર્યું હતું. પ્રક્રિયા પૂર્ણ થતાં અટકાવવા આરબીઆઈએ સપ્ટેમ્બર ૨૦૧૯ માં પ્રતિબંધો લાદ્યા હતા. આ પ્રતિબંધો માર્ચ ૨૦૨૧ સુધી વધારવામાં આવ્યા છે. પીએમસી બેંક કૌભાંડમાં આર્થિક ગુનાની શાખા દ્વારા સારંગ વાધવાન અને રાકેશ વાધવાનની ધરપકડ કરવામાં આવી હતી. પીએમસી બેંક ડૂબી ગયેલા ૪૪ મુખ્ય ખાતામાંથી ૧૦ એચડીઆઈએલના છે.

## ગુજરાતીઓને આકર્ષવા શિવસેનાનો પોસ્ટર દ્વારા પ્રચાર.....





આવતીકાલે ગુજરાત ભવનમાં યોજાનારા શિવસેનાના ગુજરાતી મેળાવડા માટે અત્યારથી જ હવે ગુજરાતીમાં હોર્ડિંગ્સ લાગી જતા આવનારા દિવસોમાં મુંબઈમાં ખાસ કરીને ભાજપ અને શિવસેના વચ્ચે ગુજરાતી મરાઠી વિવાદ પેટવાની સંભાવના છે. અહી શિવસેનાના તમામ નેતાઓના નામ ગુજરાતીમાં લખવામાં આવ્યા છે. આ સમગ્ર મેળાવડાસ્નું આયોજન રાષ્ટ્રીય સંયોજક હેમરાજ શાહ દ્વારા કરાયું છે.

# ભિવંડીમાં પાણીની ટાંકીમાંથી ૭ વર્ષના છોકરાની લાશ મળી

ચક્રવાત ટીમ, મુંબઈ, ૮

ભિવંડી શહેરના ભોઈવાડા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સમ્રુબાગ વિસ્તારમાં મકાનની બેસમેન્ટની પાણીની ટાંકીમાથી ૭ વર્ષીય બાળકની કોહવાય ગયેલ મૃતદેહ મળી આવ્યો હતો. તે બાળક નવેમ્બરથી ગુમ હતો. ફારુકી અબ્દુલ અહદ તંજુદીન (૭) નામના બાળકનો મૃતદેહ હોવાનું જાણવા મળ્યુ છે. ફારૂકી ૨૪ નવેમ્બરના રોજ ગુમ થયો હતા. તેની શોધખોળ કરવામાં આવી પણ મળી શક્યો ન હતો. અંતે તેના માતા-પિતાએ ૨૫ નવેમ્બરના રોજ ભોઈવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેનો મૃતદેહ ગુરુવારે રાત્રે સમરૂબાગ વિસ્તારમાં એક બિલ્ડિંગની બેસમેન્ટ પાણીની ટાંકીમાંથી મળી આવ્યો હતો. તેનો મૃતદેહ હાડપિંજરની હાલતમાં મળી આવ્યો હતો, જેનાથી વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો.



સ્થાનિકોએ પોલીસને ઘટનાની જાણ કરી હતી. પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. દ્રશ્યનું નિરીક્ષણ કર્યું. લાશ ગુમ થયેલી સાત વર્ષના ફારૂકીની હોવાનું જણાયું હતું. ત્યારબાદ પોલીસે તેના મૃતદેહને ઈન્દિરા ગાંધી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. બંધ મકાનની બેસમેન્ટની પાણીની ટાંકીમાં ઢાકણ ન હોવાનું બહાર આવ્યુ છે. તેનો મૃતદેહ ટાંકીમાં કેવી રીતે ગયો તેની પોલીસ તપાસ કરી રહી છે.

# વિજય વડેટ્ટીવારનો પાસપોર્ટ જપ્ત મંત્રીના કહેવા મુજબ વિરોધીઓનું કાવતરૂ

ચક્રવાત ટીમ,મુંબઈ,૮

મહારાષ્ટ્રના રાહત અને પુનર્વસન પ્રધાન વિજય વડેટ્ટીવારનો પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યો છે. કોર્ટના આદેશ બાદ પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યો છે. એવો આરોપ છે કે તેણે પાસપોર્ટ અરજીમાં તેના ગુનાહિત રેકોર્ડ વિશે સંપૂર્ણ માહિતી આપી નથી. જો કે, વિજય વડેટ્ટીવાર (પાસપોર્ટ કન્ફિસ્ટિકેટેડ) કહે છે કે તેમણે કોઈ માહિતી છુપાવી ન હતી અને હાલમાં વિજય વડેટ્ટીવાર સામે તેમની સામે કોઈ ગુનાહિત કેસ પેન્ડિંગ નથી. આ બધુ વિરોધીઓનું કાવતરું છે. તેઓ ઓબીસી સમાજ માટે કામ કરી રહ્યા છે અને તેઓ રાજકીય પક્ષની જવાબદારી પણ નિભાવી રહ્યા છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય મિતેશ ભાંગડિયાની ફરિયાદના આધારે પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યો છે. ભાજપના ભુતપૂર્વ ધારાસભ્ય દ્વારા વિજય વડેટ્ટીવાર વિરુધ્ધ તપાસ કરવા છેલ્લા છ વર્ષથી માંગ કરી રહ્યા હતા. પરંતુ સરકાર તેની ફરિયાદ પર કોઈ ધ્યાન આપી રહી ન હતી.. ત્યાર બાદ પરેશાન થઈ ,બોમ્બે હાઈકોર્ટમાં યાચિકા દાખલ કરી હતી. બોમ્બે હાઈકોર્ટના આદેશના પગલે તપાસ પછી પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યો હતો. વિજય વડેટ્ટીવાર પર પાસપોર્ટ માટે પોતાનો ગુનાહિત રેકોર્ડ છુપાવવાનો આરોપ છે. પાસપોર્ટ જારી કરતી વખતે અરજદારે પોતાનો કાયમી સરનામું આપવાનો રહેશે. પણ વડેટ્ટીવારે પોતાનું સરનામું મનોરાનું લખેલું હતું. આ માટે તેણે સ્થાનિક પોલીસ સ્ટેશનથી એનઓસી પણ લીધી હતી. પોલીસે એનઓસીમાં લખ્યું હતું કે તેની સામે કોઈ ગુનાહિત કેસ નથી. જેનો પૂર્વ ધારાસભ્ય મિતેશ ભાંગડિયા દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો અને કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ : સોનું રૂ.૭૦૨ અને ચાંદી રૂ.૧,૪૪૬ તૂટ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ, ૦૮

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૮૦૨૦૩ સોદામાં રૂ.૧૮૬૩૪.૨૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો. સોનું ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦૨ અને ચાંદી કિલોદીઠ રૂ.૧,૪૪૬ તૂટ્યા હતા. તમામ બિનલોહ ધાતુઓ પણ ઘટીને ટ્રેડ થઈ રહી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ અને મેન્થા તેલમાં સુધારા સામે રબરમાં નરમાઈ હતી. કોમોડિટી ઈન્ડેક્સમાં એમસીએક્સ બુલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૫,૯૦૩ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૫,૯૨૦ અને નીચામાં ૧૫,૬૪૫ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે ૨૧૩ પોઈન્ટ ઘટી ૧૫,૭૪૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે મેટલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૪,૦૭૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે ૮૭ પોઈન્ટ ઘટી ૧૪,૦૧૬ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૯૮૧૩૦ સોદાઓમાં રૂ.૧૧૫૦૭.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૭૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૦૭૯૯ અને નીચામાં રૂ.૫૦૦૦૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦૨ ઘટીને રૂ.૫૦૨૦૨ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૨૨ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૪૦૩૯૬ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૫ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૫૦૨૨ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૪૯ ઘટીને બંધમાં રૂ.૫૦૨૬૯ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૯૬૯૪ ખૂલી, ઊપરમાં રૂ.૬૯૮૨૫ અને નીચામાં રૂ.૬૭૩૫૨ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪૪૬ ઘટીને રૂ.૬૮૫૧૬ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૧૪૩૦ ઘટીને રૂ.૬૮૪૭૫ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૧૪૩૮ ઘટીને રૂ.૬૮૪૬૦ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૩૬૯૫ સોદાઓમાં રૂ.૨૨૮૩.૬૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૭૪૯ ખૂલી, ઊપરમાં રૂ.૩૭૭૫ અને નીચામાં રૂ.૩૭૩૮ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮ વધીને રૂ.૩૭૬૬ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૮૭૫ સોદાઓમાં કુલ રૂ.૩૫૫.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૧૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૨૩૦ અને નીચામાં રૂ.૨૧૦૪૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦ વધીને રૂ.૨૧૧૬૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૮૮ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૯ વધીને બંધમાં રૂ.૯૯૩.૩ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૩.૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૦૨ અને નીચામાં રૂ.૯૯૩.૧ રહી, અંતે રૂ.૯૯૬.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૧૪.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૨૦.૫ અને નીચામાં રૂ.૧૨૧૪ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪.૦૦ વધીને રૂ.૧૨૧૮ ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૬૫૦ના સ્તરે ખૂલી, ઊપરમાં રૂ.૧૫,૬૮૯ અને નીચામાં રૂ.૧૫,૩૭૦ બોલાઈ અંતે રૂ.૫૭ ઘટી રૂ.૧૫,૪૨૧ના સ્તરે બંધ રહ્યો હતો.

# શામળાજીમાં પૌરાણિક વાવ પાસે ફોટોગ્રાફી કરવા જતા નીચે પડતા મોત



ચક્રવાત ટીમ અમદાવાદ, તા.૦૮

પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીના વિષ્ણુ મંદિરના પરિસરમાં આવેલી પૌરાણિક વાવ માં દર્શનાર્થી મહિલા શિલ્પા બેન દક્ષેશ કુમાર રોંદેરિયા પટકાઈ પડતાં ગંભીર ઈજાથી મહિલાનું મોત થયું છે. વકીલ પતિ અને અન્ય પરિવારજનો સાથે મહિલા ભરૂચ થી શામળાજી આવી હતી જ્યાં તા.૮ ના રોજ બપોરે દર્શન બાદ પૌરાણિક વાવ પાસે ફોટો પડાવવા માટે મહિલા જતી હતી.

એ સમયે અચાનક પગ લપસી જતાં ૪૫ વર્ષીય મહિલા વાવમાં ઉપરથી નીચે પટકાતાં માથાના ભાગે ઈજા થવાથી મોત નીપજ્યું હતું. ભગવાન શામળિયાના દર્શને આવેલ ભરૂચના પરિવારની મહિલાનું મોત થતાં શ્રદ્ધાળુઓમાં ગમગીનીનો માહોલ છવાયો હતો. બનાવ અંગે દક્ષેશ રાંદેરિયાની ખબરના આધારે એ. ડી. નોધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં રહેતા છાત્રનો ફાંસો ખાઈ આપઘાત



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૮

જૂનાગઢના સ્વામિનારાયણ મંદિરમાં રહેતો અને પરીક્ષાની તૈયારી કરતા એક તરુણે આજે સવારે પોતાના રૂમમાં કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા સનસનાટી મચી જવા પામી છે. બગસરાના નવા પીપળીયા ગામનો રહેવાસી ઉત્સવ ઠુંમર જૂનાગઢમાં જવાહર રોડ ઉપર આવેલ સ્વામિનારાયણ મંદિરમાં છેલ્લા પાંચ વર્ષથી રહીને અભ્યાસ કરતો હતો, આજે સવારે અહીના રૂમ નંબર ૧૫ માં તેનો ગળેફાંસો ખાધેલી હાલતમાં લટકતો મૃતદેહ મળી આવ્યો હતો, આ અંગે અહીના જે.પી.સ્વામીએ જણાવ્યું કે, ઉત્સવ અહી છેલ્લા પાંચેક વર્ષથી રહેતો હતો, છેલ્લે તેના દાદા-દાદી બીમાર પડતા તે પોતાના ઘરે ગયો હતો, બાદમાં તેના દાદા-દાદીના મોત થયા બાદ તે ફરી અહી રહેવા આવ્યો હતો, તે ધો.૧૦ માં નાપાસ થયા બાદ પરીક્ષાની તૈયારીઓ કરતો હતો, રાતે ૧૦ વાગ્યે બધા સાથે વાતચીત કરીને પોતાના રૂમમાં જતો રહેલ પરંતુ સવારે મંગળામાં તે જોવા નહી મળતા તેના રૂમમાં તપાસ કરતા તેની લાશ મળી હતી, આ અંગે પોલીસને જાણ કરીને તેના પરિવારને બોલાવવામાં આવ્યા હતા. ક્યાં કારણોસર આ પગલું ભરી લીધું છે તે હજુ જાણવા નથી મળ્યું નથી.

# બેટી બચાવો બેટી પઢાઓ સપ્તાહ ઉજવણી અંતર્ગત બોટાદની મહિલાઓને માર્ગદર્શન



ચક્રવાત ટીમ બોટાદ, તા.૦૮

બોટાદ જિલ્લા મહિલા બાળ અધિકારી કે.વી. કાતરિયા સાહેબ તેમજ દહેજ પ્રતિબંધક અધીકારી રમેશ જાખણીયાના સૂચન અને માર્ગદર્શન અનુસાર કોવિડ ૧૯ની સરકારની ગાઈડ લાઈનને અનુસરી આજ રોજ બોટાદ પીબીએસસીના કાઉન્સેલર રીના વ્યાસ દ્વારા જિલ્લા પંચાયાતમાં ચાલી રહેલ આશા વર્કર બહેનોના ટ્રેનિંગ પ્રોગ્રામમા ડોક્ટર કિરીટ તેમજ પીએચેન મધુ બેન પંડિતની હાજરીમાં મુદ્દાઓની ચર્ચા કરી જે આ પ્રમાણે છે. દીકરી જન્મને પ્રોત્સાહન દીકરીને શિક્ષણ દીકરીઓને સુરક્ષા તેમજ કિશોરીઓના આરોગ્ય અને પોષણ અંગે વિવિધ યોજનાકીય માહિતી આપવામાં આવી તેમજ વહાલી દીકરી યોજના વિધવા સહાય યોજના મહિલા સ્વાવલંબન યોજના વિશે વિગતે માર્ગદર્શન આપ્યું બોટાદ જિલ્લામાં કાર્યરત પીબીએસસી ૧૮૧ ઓએસસી વીએમકે મહિલા પોલિસ સ્ટેશનની કામગીરી સમજાવવામાં આવી. આમ બેટી બચાવો બેટી પઢાઓ સપ્તાહની ઉજવણી ૫૦ આશા વર્કર બહેનો સાથે રાખી કરવામાં આવી તેમજ દૂરદર્શન અને સેટકોમ ડીશ ટીવીના માધ્યમથી ડીઝીટલ ઉજવણી કાર્યક્રમ સાંજ ના૬:૩૦ થી ૭ વાગ્યા સુધી નિહાળી આગળ પ્રચાર પ્રસાર કરવા માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું.

# જામનગરમાં રામજન્મભૂમિ નિર્માણ ફંડ માટેનું કાર્યાલય ખુલ્લુ મુકાયુ



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૮

જામનગર જિલ્લામાં અયોધ્યા ખાતે નિર્માણ પામી રહેલાં શ્રીરામ જન્મ ભૂમિ મંદિર માટે વિશ્વ હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના નેજા હેઠળ સમગ્ર વિશ્વભરમાં દરેક લોકોને રામ નામથી રાષ્ટ્ર નિર્માણના હેતુથી જોડવા માટે આયોજન કરાયું છે. ખાસ નાનામાં નાના વ્યકિત રામ મંદિર સાથે આસ્થાભેર જોડાઇ તે હેતુથી યથાશકિત નિધિ એકત્ર કરવાનું આયોજન કરાયું છે. ત્યારે આ અભિયાન માટે જામનગર જિલ્લામાં આજથી જામનગરની મધ્યમાં આવેલા દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં જિલ્લાના મધ્યસ્થ કાર્યાલયનું સંતો-મહંતોના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જામનગર શહેર અને જિલ્લામાંથી શ્રેષ્ઠીઓ અને ધર્મપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતાં. અયોધ્યામાં ભગવાન રામના જન્મ સ્થળે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ભવ્ય શ્રીરામ જન્મભૂમિ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. તાજેતરમાં જ રામ જન્મભૂમિ મંદિરનું શિલાન્યાસ પણ થઈ ચુકયું છે. ત્યારે શ્રીરામ જન્મભૂમિ મંદિર તીર્થક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા મંદિર નિર્માણનો પણ પ્રારંભ થઈ ચુકયો છે. લોકો પોતાના દ્વારા પણ શ્રીરામ જન્મભૂમિ મંદિરમાં પોતાનું યોગદાન હોય તે માટે યથાશકિત ફાળો આપવા આતુર છે. સમગ્ર રામભકતોની આસ્થાને મંદિરના નિર્માણ સાથે જોડવા વિશ્વ હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સહિતની સંસ્થાના નેજા હેઠળ સમર્પણ નિધિ એકત્રીકરણ માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન અંતર્ગત જામનગર જિલ્લામાં પણ શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિ દ્વારા જામનગર શહેર અને તમામ ગ્રામ્ય વિસ્તારો માટે જુદી-જુદી ૪૨૧ ટીમો બનાવવામાં આવી છે. આ ટીમોમાં પાંચ હજારથી પણ વધુ અગ્રણી-કાર્યકરો સમિતિમાં જોડાઈ જિલ્લામાં અંદાજે ૧.૨૫ લાખ પરિવારોના ૧૫ લાખથી વધુ લોકો સુધી પહોંચવા આગવું આયોજન કરવામાં આવ્યું છે.

# મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં કમોસમી માવઠુ : ખેડૂતો ચિંતામાં, હજી બે દિવસ વરસાદની સંભાવના

ચક્રવાત ટીમ મુંબઈ તા :૮

છેલ્લા કેટલાક દિવસથી મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં વાદળછાયુ વાતાવરણ રહે છે અને ગઈકાલ રાતથી અહીં ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો છે. વરસાદને કારણે ચારેકોર ઠંડીનું વાતાવરણ પ્રસરી ગયું છે પરંતુ કમોસમી માવઠાને કારણે ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે હવામાન ખાતાની આગાહી મુજબ હજી બે દિવસ સુધી વાદળછાયું વાતાવરણ રહેશે અને ક્યાંક ઝરમર ઝરમર વરસાદ તો ક્યાંક તેજ પવન સાથે ભારે વરસાદ પડવાની સંભાવના છે. મુંબઈ નવી મુંબઈ થાણે અને તેની આસપાસના તેમજ ખાસ કરીને કોલ્હાપુર રત્નાગીરી અને સાંગલી સહિત આંતરિયાળ વિસ્તારમાં ગઈકાલ રાતથી જ ઝરમર વરસાદ શરૂ થયો છે. વહેલી સવારે વરસાદની સાથે સાથે વીજળી પણ ચમકી હતી જેને કારણે ચારેકોર ઠંડીની સાથે ભીની માટીની મહેક પ્રસરી ગઇ હતી.જો કે કમોસમી માવઠાને કારણે ખેડૂતોનો શિયાળુ પાક ને નુકસાન થવાની સંભાવના છે. તુવેર દાળ ચણા ચોખા નો ઉભો પાક જીવાત પડી રહ્યો છે તેમજ કેટલીક જગ્યાએ જે પાક તૈયાર હતો અને કપાસ પણ વેચવા માટે ખુલ્લામાં મૂકવામાં આવી હતી તે ભીની થઈ જતા ખેડૂતોને આર્થિક નુકસાન થયું છે. આમ જગતનો તાત અત્યારે ચારેબાજુથી ભિસાયેલો જોવા મળે છે. એક બાજુ કેન્દ્ર સરકારના કૃષિ કાયદાને કારણે ખેડૂતોએ દિલ્હીની બોર્ડર સિલ કરી અને છેલ્લા ૪૨ દિવસથી આંદોલન કરી રહ્યા છે. ભૂખ્યા તરસ્યા અને આ કમોસમી માવઠાંમાં પણ તેઓ દિલ્હીમાં ધામા નાખીને બેઠા છે ત્યારે બીજી બાજુ. આવા વાદળછાયા વાતાવરણ અને કમોસમી માવઠાને કારણે તેમને બેવડો માર પડી રહ્યો છે આને કારણે જ કેટલાક ખેડૂતોએ આત્મહત્યા કરી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. હવામાન ખાતાની આગાહી મુજબ મુંબઈ સહિત થાણે નવી મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં હજી બે થી ત્રણ દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે તેમ જ ઝરમર વરસાદ પડશે. જો કે ગરમીમાં શેકાયેલા મુંબઈગરાને આવી ફૂલગુલાબી ઠંડી નો લાભ મળતા તેઓ મજા માણી રહ્યા છે. વહેલી સવારે અને સાંજે જોગિંગમાં નીકળતા લોકોનું પ્રમાણ વધી ગયું છે. ખાસ કરીને યુવાનોની સાથે આધેડ ઉંમરના લોકો પણ ટહેલવા નીકળી પડે છે. મુંબઈગરા જેઓ સામાન્ય રીતે શાલ અને સ્વેટર પહેરવાનું ટાળે છે તેઓ હાલમાં શાલ અને સ્વેટર પહેરી બહાર નીકળતા નજરે પડી રહ્યા છે. સાથે સાથે એક બાજુ કોરોનાની મહામારી ને કારણે ફેરિયાઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેમ છતાં કેટલેક ઠેકાણે મકાઈ અને અન્ય ચટાકેદાર ચીજ વસ્તુઓ ખાવાનું પ્રમાણ મુંબઈગરામાં વધી ગયું છે.

# જામનગરમાં ત્રણ શખ્સોને સવા પાંચ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી પાડતી એસ.ઓ.જી.



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૮

જામનગર એસઓજી પોલીસે જામનગરને ત્રણ સખ્સોને મેફેડ્રોન નામના સવા પાંચ લાખની કીમતના ડ્રગ્સ સાથે દબોચી લીધા છે. આ રેકેટ મુંબઈના રસ્તે ચાલતું હોવાનું સામે આવ્યું છે. પોલીસે ત્રણેય સખ્સોના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.હજુ છ માસ પૂર્વે જે ડ્રગ્સ સાથે આરોપીઓને દબોચી લેવામાં આવ્યા હતા તે જ ડ્રગ્સના વધુ એક રેકેટનો પર્દાફાસ થયો છે. જામનગર એસઓજીએ કાલાવડ નાકા બહાર રંગમતી સોસાયટીમાં રહેતા ઈમ્તિયાઝ જુસબભાઈ ખેરાણી, તોહીદ હનીફ ખલીફા અને સલીમ કરીમખાન લોદીન નામના ત્રણ સખ્સોને આંતરી લઈ તલાસી લીધી હતી.જેમાં ત્રણેય સખ્સોના કબજામાંથી રૂપિયા ૫,૨૦,૨૦૦૦ની કીમતનું મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. એસઓજીએ ત્રણેય શખ્સોની ધરપકડ કરી ડ્રગ્સ કબજે કર્યું હતું. પ્રાથમિક પૂછપરછમાં આ ડ્રગ્સ મુંબઈથી લાવ્યા હોવાનું સામે આવ્યું હતું. એસઓજીએ ત્રણેય સખ્સો સામે એન એનડીપીએસ એક્ટ મુજબ ફરિયાદ નોંધાવી હતી. આ પ્રકરણમાં વધુ પૂછપરછ કરવા ત્રણેય સખ્સોને કોર્ટ સમક્ષ રજુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

# દશાડા તાલુકાના વડગામ ખાતે મનરેગા કામમાં લાખોના ભ્રષ્ટ્રાચારની ઉચ્ચસ્તરે રજૂઆત કરાઈ

## વડગામ ખાતે રહેતા અને વર્ષો પહેલા મરણ ગયેલ લોકોના નામે કૌભાંડ કર્યા હોવાનો આક્ષેપ

ચક્રવાત ટીમ પાટડી, તા.૦૮

પાટડી પંથક સુરેન્દ્રનગર જીલ્લામા છેવાડાની તાલુકો છે જોકે પાટડી-દશાડા તાલુકાની વિસ્તાર અન્ય તાલુકા સામે ખુબ જ મોટો છે પરંતુ અહિના સ્થાનિકમા જાગૃતતા અને શિક્ષણ નો અભાવ હોવાના લીધે અધિકારીઓની મનમાની ચાલતી રહે છે ત્યારે સરકારની અનેક યોજનામા ભ્રષ્ટાચાર કરવામા અધિકારીઓ ખુબ જ તજજ્ઞ હોય છે તેવામાં આવો અશિક્ષિત તાલુકો હોય પછી તો અધિકારીઓને ઘી-કેળા કહી શકાય. ત્યારે દશાડા તાલુકાના વડગામ ગામે વર્ષ ૨૦૧૮થી ૨૦૨૦ સુધી થયેલા મનરેગાનુ કામમા ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથેની લેખીત રજુવાત અહિના સ્થાનિક દ્વારા કરાઈ છે જેમા વર્ષ ૨૦૧૮થી ૨૦૨૦ સુધી થયેલા મનરેગા યોજના અંર્તગત કામમા સ્થાનિક ગ્રામ્ય વિસ્તારના લોકોને રોજગાર મળી રહે તેવા હેતુથી તળાવ ઉંડુ કરવાનુ કામ અપાય છે જેમા સરકાર દ્વારા બાંધેલા રોજગાર મુજબ જે તે મજુરી કરતા લાભાર્થીને રોજગાર મળી રહે અને પોતાનુ ગુજરાન ચાલે તે માટેની ગરીબોની યોજનામા સરકારી અધિકારીઓ દ્વારા વડગામ ખાતે રહેતા અને વર્ષો પહેલા મૃત પામેલા લોકોના નામ સરકારી ચોપડે ચડાવી તેઓના દૈનિક રુપિયા સાચા-ખોટા બેંક એકાઉન્ટ નંબર માથી ઉઠાવી લાખ્ખો રુપિયાનો ભ્રષ્ટાચાર કરાયો છે.

જોકે સરકાર મનરેગા યોજના ગરીબ પરીવારોને રોજગારી મળે તેવા હેતુની છે પરંતુ દશાડા તાલુકાના વડગામ ગામે સરકારી અધિકારીઓ દ્વારા જે વ્યક્તિ વર્ષો પહેલા મરણ ગયેલ છે તેના નામનો ઉલ્લેખ કરી તેઓની દૈનિક હાજરી સરકારી ચોપડે દર્શાવી છે અને મૃતકના રુપિયા ચાંઉ કરી ગયા હોવાનો ઘટસ્ફોટ થયો છે. જ્યારે આ તમામ કૌઆંડનો પર્દાફાસ અહિ ના સ્થાનિક તથા જાગૃત નાગરીક દ્વારા આર.ટી.આઈમા બહાર આવતા જણાવ્યુ છે કે વર્ષ ૨૦૧૮થી ૨૦૨૦ સુધીના કામમા અંદાજે ત્રણેક કરોડ રુપિયા સરકાર દ્વારા મનરેગા પાછળ ખર્ચ કરાયા છે પરંતુ આ રીતે મરણજનાર વ્યક્તિનો મલાજો નહિ રાખતા અધિકારીઓ રુપિયા માટે પોતાનુ ઈમાન વહેચી આ પ્રકારનુ કૃત્ય કરતા સ્થાનિક દ્વારા ભ્રષ્ટાચાર બાબતે ઉચ્ચસ્તરે રજુવાત કરી સમગ્ર કૌભાંડનો પર્દાફાસ કરી જવાબદાર અધિકારીઓ પર કાયદેસર કરવા જણાવ્યુ છે.

# વાંકાનેરના માટેલ રોડ પર આવેલ કારખાનામાં ત્રીજા માળેથી પટકાતા શ્રમિકનું મોત

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૮

વાંકાનેર તાલુકાના માટેલ રોડ પર આવેલ સેન્ટુર સીરામીક કારખાનાના લેબર ક્વાર્ટરમાં રહીને મજૂરી કામ કરતા ક્રિષ્નકાંત નથીસિંગ લાઠી (ઉ.વ. ૨૧) નામના પરપ્રાંતીય મજૂરીનું કારખાનામાં ત્રીજા માળેથી પટકાતાં મોત થયું હતું. આ બનાવમાં મૃતક શ્રમિક યુવાન ગઈકાલે સીરામીક ફેકટરીમાં આવેલ લેબર ક્વાર્ટરમાં ત્રીજા માળે સૂતો હોય ત્યાંથી કોઈ કારણોસર નીચે પટકાતા તેને ગંભીર ઈજા પહોંચી હતી જેથી તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

# જામજોધપુર માર્કેટ યાર્ડમાં ખેડૂતોને થતું નુક્સાન અટકાવો

ચક્રવાત ટીમ જામજોધપુર, તા.૦૮

જામનગર ખેતીવાડી ઉત્પન્ન બદાર સમિતિમાં અનાજ ભરવા માટે ઉપયોગમાં લેવાતી કંતાન અને પ્લાસ્ટિકની થેલીના વજન ફેરથી ખેડૂતોને નુક્સાન થતું હોવા અંગે રજૂઆત કરવામાં આવી છે. જામનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હેમત ખવાએ યાર્ડના ચેરમેનને પત્ર પાઠવી રજૂઆત કરી છે કે, પ્લાસ્ટિકની થેલીનું વજન ૬૦૦ ગ્રામ દર્શાવવામાં આવે છે જે હકીકતે ૪૯૦ થી ૪૫૦ ગ્રામ હોય છે, જ્યારે સુતરની થેલીનું વજન એક કિલો દર્શાવાઈ છે જે હકીકતે ૮૫૦ ગ્રામ જટલું જ હોય છે. વળી વેપારી ૧૦૦ ગ્રામ નમતા જોખથી માલ લેતા હોવાથી ખેડૂતને આશરે ૨૦૦ ગ્રામ જેટલી નુક્સાની સહન કરવી પડે છે. યાર્ડમાં દૂર દૂરથી ખેડૂતો માલ વેંચવા આવતા હોય, તેઓ નીતિ-નિયમથી વાકેફ થાય તે માટે માર્ગદર્શન આપતું બોર્ડ યાર્ડમાં મૂકવાની જરૂર છે. માલના ઢગલા જોઈને વેપારી સોદા કરે છે, પરંતુ ક્યારેક માલ નબળો છે તેમ કહી સોદા કેન્સલ કરવામાં આવતા હોવાથી ખેડૂતો સાથે નીચા ભાવતાલ કરવામાં આવે છે જે ખેડૂતોના હિતમાં નથી. આ અંગે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

# જામનગરમાંથી ત્રણ વરલીબાઝ પકડાયા

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૮

જામનગરના નાગરપરામાંથી પોલીસે ગઈકાલે વરલીના આંકડા લખાવતા અને એક બેટીંગ લેતા એક શખ્સને પકડ્યો છે. જયારે ધરાર નગર-૧માંથી વરલીપ્રેમી ઝડપાઈ ગયો છે. જામનગરના ખંભાળિયા નાકા બહારના વિસ્તારમાં આવેલા નાગરપરાની શેરી નં.૧ના ખુણા પાસે એક શખ્સ વરલીના આંકડા લેતો હોવાની અને એક શખ્સ આંકડા લખાવતો હોવાની બાતમી પરથી પોલીસે ગઈકાલે સાંજે ત્યાં દરોડો પાડતા જાહેરમાં વરલીના આંકડા લખતા નટુ ઉર્ફે નટવરલાલ બચુભાઈ જોઈશર તથા આંકડા લખાવતા રિક્ષા ડ્રાઈવર અમૃતલાલ ઉર્ફે લાલા મુળજીભાઈ હંજડા ઝડપાઈ ગયા હતાં. બન્નેના કબ્જામાંથી રૂા. ૨૫૨૦ રોકડા વર્લીના આંકડા લખેલી ચીઠ્ઠી, ત્રણ મોબાઈલ સહિત રૂા. ૭૫૨૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જામનગરના ખોડિયાર કોલોની વિસ્તાર સામે આવેલી નિલકમલ સોસાયટી નજીકના સાતનાલા પાસે ધરારનગર-૧માંથી રફીક ઉંમરભાઈ સંધી નામના શખ્સના પોલીસે વર્લીમટકાનું બેટીંગ લેતો પકડી પાડ્યો છે.

# અમદાવાદના કુબેરનગરમાં ૨૯ લોકોની સામૂહિક ધરપકડ




ચક્રવાત ટીમ અમદાવાદ, તા.૦૮

અમદાવાદ શહેરના કુબેરનગર વિસ્તારના છારાનગરમાં સરદારનગર પોલીસે માસૂમ નિર્દોષ લોકોને ઘરમાં ઘુસી ઘૂસીને માર મારવાના કેસમાં આજે બે સાક્ષીઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ પી.બી.પટેલ સમક્ષ જુબાની આપી હતી. વધુ ૫ સાક્ષીઓને કોર્ટે સમન્સ જારી કર્યા છે. વધુ સુનાવણી ૧૮મી જાન્યુ. એ હાથ ધરાશે. બનાવની વિગત એવી છે કે,ગઈ તા.૨૭મી જુલાઈ ૨૦૧૮ના રોજ છારાનગર વિસ્તારમાં પી.એસ આઈ ડી.કે મોરી પોલીસ રેડ દરમ્યાન સન્ની નામના શખ્સ સાથે કારની લાઈટ મારવા મામલે પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. મોરીએ કંટ્રોલ મેસેજ કરી એવી જાહેરાત કરી હતી કે, ૧૫૦ જેટલા લોકોએ પોલીસ પર હુમલો કરી માર મારવામાં આવ્યો છે. ત્યારે સેક્ટર-૨ ના જે.સી.પી.અશોક યાદવે તેમના તાબાના પોલીસ અધિકારીઓને ઘટના સ્થળે મોકલ્યા હતા. ખરાઈ કર્યા વગર ઘરે સતેલા લોકોને ઘર માંથી બહાર કાઢી માર માર્યા હતા. ઘર બહાર પાર્ક કરેલા વાહનોની તોડ ફોડ કરી હતી. પોલીસે ૨૯ લોકોની ધરપકડ કરી હતી. આ આરોપીઓને કોર્ટમાં રજૂ કરતા પોલીસે માર માર્યાની ફરિયાદ કરી હતી. આ ફરિયાદના ૨ વર્ષ બાદ કોર્ટે વધુ બે સાક્ષીઓને જુબાની આપવા સમન્સ જારી કર્યા હતા. આજે અતુલ ગાગડેકર અને જીતુ તમંચે એ કોર્ટમાં જુબાની આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસે ૫ વકીલ અને ૨ પત્રકારની પણ ધરપકડ કરી હતી. આરોપીઓએ સરદારનગર પી.આઈ. વિરાની., જેસીપી અશોક યાદવ, પીએસઆઈ ડી.કે.મોરી,ઢીલોન સહિત પોલીસ કર્મીઓની વિરુદ્ધ કોર્ટમાં ફરિયાદ કરી હતી.

# જામનગર યુવતીની હૂમલો : ફાયરીંગની ફરિયાદમાં ચોંકાવનારા ઘટસ્ફોટ

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૮

જામનગરની એક યુવતીએ ખંભાળિયા ધોરીમાર્ગ પર આરાધનાધામ પાસે પોતાના પર હુમલો-ફાયરીંગની એકાદ વર્ષ પહેલાં ફરિયાદ નોંધાવી તેમાં બે શખ્સ સામે શંકાની સોય તાણી હતી. આ ફરિયાદમાં કેટલાક તથ્ય બહાર આવ્યાનું જાણવા મળ્યું છે ત્યારે જ આ યુવતીએ આજે એક ઓડિયો ક્લિપ પત્રકારો સુધી પહોંચાડી કેટલાંક આક્ષેપો કર્યા છે. જામનગરમાં રહેતી નિશા ગુલાબદાસ ગોંડલીયા નામની યુવતિએ અગાઉ પોતાના બનેવીના કરોડો રૂપિયાના બીટકોઈન ધાકધમકી આપી પડાવી લેવા અંગે કુખ્યાત જયેશ પટેલ સામે ફરિયાદ નોંધાવ્યા પછી વાલ્કેશ્વરી નગરીમાંથી જયારે પોતે જતી હતી ત્યારે બાઈક પર આવેલા શખ્સોએ ધમકાવ્યાની ફરિયાદ કરી હતી. ત્યારપછી એકાદ વર્ષ પહેલાં નિશાએ જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર આરાધનાધામ પાસે પોતાના પર અજ્ઞાત શખ્સોએ હુમલો કરી હવામાં ફાયરીંગ કર્યાની પણ ફરિયાદ ખંભાળિયા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જેમાં તેણે બે શખ્સના શકદાર તરીકે નામ આપ્યા હતાં. આ શકદારોની ગુજસીટોક હેઠળ ધરપકડ થવા પામી હતી અને ત્યારપછી બન્નેને જેલહવાલે કરવામાં આવ્યા હતાં. તે દરમ્યાન નિશા ગોંડલીયાએ આજે એક ઓડીયો ક્લિપ વહેતી કરી છે જેમાં તેણીએ કેટલાંક આક્ષેપો કર્યા છે. તેણીએ પોતાને ન્યાય અપાવવા અરજ ગુજારી છે ત્યારે જ આરાધનાધામ પાસે તેણી પર થયેલા હુમલા અને કથીત ફાયરીંગમાં ચોંકાવનારા ઘટસ્ફોટ થાય તેવી શકયતા જોવાઈ રહી છે.

# આઈપીએલ ૨૦૨૧ની ઓક્શન ૧૧ ફેબ્રુઆરીએ થવાની પ્રબળ સંભાવના

**તમામ ફ્રેન્ચાઇઝે ૨૦ જાન્યુઆરી સુધીમાં રિટેન કરેલા ખેલાડીઓનું લિસ્ટ સબ્મિટ કરવાનું રહેશે**



(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૭

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૧ની સીઝન માટેનું ઓક્શન ૧૧ ફેબ્રુઆરીના રોજ થાય એવી પ્રબળ સંભાવના છે તેમજ દરેક ફ્રેન્ચાઈઝે ૨૦ જાન્યુઆરી સુધીમાં રિટેન અને રિલીઝ કરેલા ખેલાડીઓનું લિસ્ટ સબ્મિટ કરવાનું રહેશે. ઉલ્લેખનીય છે કે આઈપીએલ ૨૦૨૧ માટે હજી તારીખ કે જગ્યા નક્કી કરવામાં આવી નથી. જોકે બીસીસીઆઈએ તાજેતરમાં થયેલી એન્યુલ જનરલ મીટિંગમાં સ્પષ્ટ કર્યું કે આ વખતે ટૂર્નામેન્ટમાં ૮ ટીમો જ ભાગ લેશે અને ૨૦૨૨થી ૨ નવી ટીમ ઉમેરવામાં આવશે.

ઈએસપીએન ક્રિકઈન્ફોએ પ ોતાના એક આર્ટિકલમાં જણાવ્યું છે કે ઓક્શન ભારત અને ઈંગ્લેન્ડની ટેસ્ટ સિરીઝ દરમિયાન પ્રથમ અને બીજી ટેસ્ટ વચ્ચે થશે. પ્રથમ ટેસ્ટ ૫-૯ ફેબ્રુઆરી દરમિયાન, જયારે બીજી ટેસ્ટ ૧૩-૧૭ ફેબ્રુઆરી દરમિયાન રમાશે, એટલે કે ૧૦-૧૨ ફેબ્રુઆરીની વચ્ચે ઓક્શન થશે અને ૧૧ તારીખે યોજાય એવી સંભાવના પ્રબળ છે. દર વખતની જેમ આ વખતે પણ ઓક્શન પહેલાં દરેક ફ્રેન્ચાઈઝને ૩ કરોડ રૂપિયા આપવામાં આવશે.

૨૦૨૦માં સૌથી નિરાશાજનક દેખાવ કરનાર ચેન્નઈ સુપરકિંગ્સ પાસે ગયા ઓક્શન પછી સૌથી ઓછા ૦.૧૫ કરોડ રૂપિયા બચ્યા હતા, જયારે કિંગ્સ ઈલેવન પંજાબ પાસે સૌથી વધુ ૧૬.૫ કરોડ રૂપિયા હતા. એ સિવાય રાજસ્થાન રોયલ્સ પાસે (૧૪.૭૫ કરોડ), સનરાઈઝર્સ હૈદરાબાદ પાસે (૧૦.૧ કરોડ), દિલ્હી કેપિટલ્સ પાસે (૯ કરોડ), કોલકાતા નાઈટ રાઈડર્સ (૮.૫ કરોડ), રોયલ ચેલેન્જર્સ બેંગલોર (૬.૪ કરોડ) અને મુંબઈ ઈન્ડિયન્સ (૧.૯૫ કરોડ)નું બેલેન્સ છે. નોંધનીય છે કે ટીમો ખેલાડીઓ રિલીઝ કરે એ પ્રમાણે તેમનું પર્સ પણ વધે છે.

# ટેસ્ટના બીજા દિવસે ઓસ્ટ્રેલીયા ૩૩૮માં ઓલઆઉટ : ભારતના બે વિકેટે ૯૬ રન



(જી.એન.એસ.)સિડની,તા.૮

ભારત અને ઑસ્ટ્રેલિયાની વચ્ચે સિડનીમાં રમાઈ રહેલી બૉર્ડર-ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટ મેચના બીજા દિવસની રમત ખત્મ થઈ છે, ત્યાં સુધી ભારતે ૨ વિકેટ ગુમાવીને ૯૬ રન બનાવી લીધા છે. કેપ્ટન આંજિક્ય રહાણે ૫ અને ચેતેશ્વર પુજારા ૯ રન બનાવીને રમી રહ્યા છે. ઑસ્ટ્રેલિયા તરફથી જોશ હેઝલવૂડ અને પેટ કમિન્સે ૧-૧ વિકેટ ઝડપી છે. ભારત હજુ પણ ઑસ્ટ્રેલિયાથી ૨૪૨ રન પાછળ છે.

ભારતની ઈનિંગનું આકર્ષણ યુવા બેટ્સમેન શુભમન ગિલ રહ્યો. તેણે પોતાના કેરિયરની ત્રીજી ઈનિંગમાં મજબૂત ઑસ્ટ્રેલિયા સામે શાનદાર અડધી સદી ફટકારી. ગિલે કમિન્સની ઑવરમાં આઉટ થતા પહેલા ૧૦૧ બૉલમાં ૮ ચોગ્ગાની મદદથી ૫૦ રન બનાવ્યા. ગિલે પહેલી વિકેટ માટે રોહિત શર્મા સાથે ૭૦ રનની ભાગેદારી કરી. રોહિતે ૭૭ બૉલમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૨૬ રન બનાવ્યા. તેની વિકેટ જોશ હેઝલવૂડે ઝડપી.

આ પહેલા દિગ્ગજ ઑસ્ટ્રેલિયન બેટ્સમેન સ્ટીવ સ્મિથની ૨૭મી ટેસ્ટ સદીની મદદથી ઑસ્ટ્રેલિયાએ રવિન્દ્ર જાડેજાની શાનદાર બૉલિંગ છતા ભારતની વિરુદ્ધ પહેલી ઈનિંગમાં ૩૩૮ રન બનાવ્યા છે. સ્મિથે ૧૩૧ રન બનાવ્યા, જેના માટે તેણે ૨૨૬ બૉલનો સામનો કર્યો અને ૧૬ ચોગ્ગા લગાવ્યા. તેના સિવાય માર્નસ લાબુશેન (૯૧) અને પોતાની પહેલી ટેસ્ટ મેચ રમી રહેલા પુકોવસ્કીએ ૬૨ રનનું યોગદાન આપ્યું. સ્મિથ અને લાબુશેને ત્રીજી વિકેટ માટે ૧૦૦ રનની ભાગેદારી કરી.

જાડેજાએ લાબુશેનને સદીથી વંચિત રાખ્યો, ત્યારબાદ ઑસ્ટ્રેલિયાએ નિયમિત અંતરે વિકેટો ગુમાવી. જાડેજાએ ૬૨ રન આપીને ૪ વિકેટ લીધી. આ ઉપરાંત જસપ્રીત બુમરાહ અને પોતાની પહેલી ટેસ્ટ મેચ રમી રહેલા નવદીપ સૈનીએ ૨-૨ વિકેટ લીધી. મોહમ્મદ સિરાજને ૧ વિકેટ મળી હતી. જાડેજાએ એક જબરદસ્ત થ્રો કરીને સ્મિથને રન આઉટ કરી ઑસ્ટ્રેલિયન ઈનિંગનો અંત લાવ્યો હતો.

# મેન્સ ટેસ્ટમાં અમ્પાયરિંગ કરનારી પહેલી મહિલા અધિકારી બની ક્લેયર પોલોસાક



(જી.એન.એસ.)સિડની,તા.૭

ક્લેયર પોલોસાક ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે સિડનીમાં રમાઈ રહેલી પુરુષ ટેસ્ટ મેચમાં અમ્પાયરિંગ કરનારી પહેલી મહિલા મેચ અધિકારી બની ગઈ છે. ઓસ્ટ્રેલિયાના ન્યૂ સાઉથ વેલ્સની ૩૨ વર્ષની પોલોસાક મેચમાં ચોથા અમ્પાયરની ભૂમિકામાં છે. તે આ પહેલાં પુરુષ વન-ડે ક્રિકેટ મેચમાં અમ્પાયરિંગ કરનારી પહેલ મહિલા અમ્પાયર બનવાની સિદ્ધિ હાંસલ કરી ચૂકી છે. તેણે ૨૦૧૯માં નામીબિયા અને ઓમાનની વચ્ચે વિશ્વ ક્રિકેટ લીગ ડિવીઝન બેની મેચમાં અમ્પાયરિંગ કર્યું હતું. ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે ચાર મેચની સીરિઝની ત્રીજી મેચમાં બે પ ૂર્વ બોલર પોલ રિફેલ અને પોલ વિલ્સન મેદાન પર અમ્પાયરની ભૂમિકામાં છે. જ્યારે બ્રૂસ ઓક્સેનફોર્ડ ત્રીજા અમ્પ ાયરની ભૂમિકામાં છે. ડેવિડ બૂન મેચ રેફરી છે. ટેસ્ટ મેચ માટે આઈસીસી નિયમો પ્રમાણે ચોથા અમ્પાયરને ઘરેલુ ક્રિકેટ બોર્ડ દ્વારા પોતાના આઈસીસી અમ્પાયરોની આંતરરાષ્ટ્રીય પેનલમાં નિયુક્ત કરવામાં આવે છે. પોલોસાક તેની સાથે જ ઓસ્ટ્રેલિયામાં ૨૦૧૭માં પુરુષો માટે ઘરેલુ લિસ્ટ એ મેચમાં અમ્પ ાયરિંગ કરનારી પહેલી મહિલા છે. ચોથા અમ્પાયરનું કામ મેદાનમાં નવો બોલ લાવવો, અમ્પાયરો માટે ડ્રિંક લઈ જવું, લંચ અને ચા દરમિયાન પીચની દેખરેખ અને લાઈટમીટરથી પ્રકાશની તપાસ કરવી વગેરે બાબતોનો સમાવેશ થાય છે. કોઈ પરિસ્થિતિમાં મેદાન પરના અમ્પાયર બહાર જાય તો ત્રીજા અમ્પ ાયરે મેદાનમાં સેવા આપવાની હોય છે. જ્યારે ચોથા અમ્પાયરે ટેલીવિઝન અમ્પ ાયરની ભૂમિકા ભજવવાની હોય છે.

# બેસ્ટ ફિલ્ડર ગણાતા જાડેજાના સીધા થ્રો પર સ્મિથ રનઆઉટ



(જી.એન.એસ.)સિડની,તા.૮

ભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ ઓસ્ટ્રેલિયન બેટ્સમેન સ્ટીવ સ્મિથને સીધો થ્રો કરીને આઉટ કર્યો હતો, સોશિયલ મીડિયા પર આ થ્રો બાદ રવિન્દ્ર જાડેજા છવાઈ ગયો છે. સિડની ટેસ્ટની પહેલી ઈનિંગ્સમાં એક સમયે ઓસ્ટ્રેલિયાએ ભારત પર મજબુતાઈ જમવી હતી અને ભારત દબાણમાં આવી ગયુ હતુ. પરંતુ રવિન્દ્ર જાડેજાએ તેના શાનદાર પ્રદર્શનથી બધાના દિલ જીતી લીધા હતા.

રવિન્દ્ર જાડેજાની ગણતરી સ્ટાર ફિલ્ડરોમાં થાય છે. જ્યારે શુક્રવારે સ્ટીવ સ્મિથને થ્રો કરીને રન આઉટ થયો હતો ત્યારે તેણે પોતાની ફિલ્ડિંગ કુશળતા દર્શાવી હતી.

સિડની ટેસ્ટમાં ભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ ઓસ્ટ્રેલિયાના બેટ્સમેન સ્ટીવ સ્મિથને સીધા થ્રો કરીને આઉટ કર્યો. જાડેજાએ તેની શાનદાર ફિલ્ડિંગ કરી હતી જ્યારે સ્મિથ સીધા થ્રો પર આઉટ થયો હતો. ટીમની અંતિમ વિકેટ હોવાથી સ્મિથ પેવેલિયન પરત ફર્યો હતો. રવિન્દ્ર જાડેજાએ પ્રથમ દાવમાં ચાર વિકેટ ઝડપીને ઓસ્ટ્રેલિયાની કમર તોડી નાખી હતી. તેણે ૧૮ ઓવરમાં ૬૨ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી.

# શર્માજીનો તરખાટ : ઓસ્ટ્રેલીયા સામે ૧૦૦ સિક્સ ફટકારનાર પ્રથમ ખેલાડી



(જી.એન.એસ)સિડની,તા.૮

ભારતીય ટીમના વાઈસ કેપ્ટન રોહિત શર્મા સિડની ટેસ્ટમાં એકવારી ફરી મોટી ઈનિંગ રમવામાં નિષ્ફળ ગયો છે, તેમ છતા તેણે એક મોટો કીર્તિમાન પોતાના નામે કરી લીધો છે. રોહિતે ૨૬ રનની ઈનિંગ દરમિયાન એક છગ્ગો પણ ફટકાર્યો અને આ સાથે જ તે ઑસ્ટ્રેલિયાની વિરુદ્ધ તમામ ફૉર્મેટમાં મળીને ૧૦૦ છગ્ગા લગાવનારો આતરરાષ્ટ્રીય ક્રિકેટ ઈતિહાસમાં પહેલો ખેલાડી બની ગયો છે. રોહિત શર્માએ ૧૬મી ઑવરમાં નાથન લિયોનની બૉલિંગમાં આગળ આવીને છગ્ગો ફટકાર્યો અને આ સાથે તે ઑસ્ટ્રેલિયાઈ ટીમની વિરુદ્ધ તમામ ફૉર્મેટમાં મળીને ૧૦૦ છગ્ગા લગાવનારો દુનિયાનો એકમાત્ર ખેલાડી બની ગયો છે. ઉલ્લેખનીય છે કે હિટમેન રોહિત શર્માએ ઑસ્ટ્રેલિયાની વિરુદ્ધ વનડેમાં ૬૩ છગ્ગા લગાવ્યા છે. રોહિત ઉપ રાંત ઑસ્ટ્રેલિયાની સામે સર્વાધિક છગ્ગા ઈંગ્લેન્ડના ઈયોન મૉર્ગને લગાવ્યા છે, પરંતુ તે આ મામલે શર્માની આસપાસ પણ નથી. મૉર્ગનના નામે ૬૩ છગ્ગા નોંધાયેલા છે. વાત કરીએ રોહિતના આંતરરાષ્ટ્રીય કેરિયરમાં કુલ છગ્ગાઓની તો હવે તેના નામે ત્રણેય ફૉર્મેટમાં ૪૨૪ છગ્ગાઓ થઈ ગયા છે અને હવે તે પાકિસ્તાની ઑલરાઉન્ડર શાહિદ આફ્રિદીનો રેકૉર્ડ તોડવાની નજીક પ હોંચી ગયો છે.

# લગ્ન બાદ ગૌહર ખાનનો બોલ્ડ સીન ન કરવા નિર્ણય



(જી.એન.એસ.) મુંબઈ,તા.૭

જાણીતી અભિનેત્રી ગૌહર ખાન આ દિવસોમાં પોતાની પર્સનલ લાઈફને લઈ ભારે ચર્ચામાં છે. કેટલાક દિવસો પહેલા તેણે જૈદ દરબાર સાથે લગ્ન કર્યા. જૈદ પણ જાણીતા અભિનેતા અને ડાન્સર છે. લગ્ન પછી ગૌહર સોશિયલ મીડિયા પર ખુબ એક્ટિવ રહે છે. તો સાથે જ થોડા દિવસો પહેલા વેબ સીરિઝ તાંડવનું ટ્રેલર રીલિઝ થયું છે. તેના પ્રમોશન દરમિયાન ગૌહરે ખુબ મોટો ખુલાસો કર્યો છે.

તેણે હવે નિર્ણય કર્યો કે, હવે તે બોલ્ડ સીન્સ નહીં કરે. ગૌહર ખાન હાલમાં અલી અબ્બાસ જફરની વેબ સીરિઝ તાંડવમાં જોવા મળી રહી છે. હાલમાં જ તેણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે મે ઘણા વેબ શો રિજેક્ટ કરી નાંખ્યા છે કારણ કે તેમાં બોલ્ડ સીન્સ કરવાના હતા. ગૌહરે કહ્યું કે-હું એ નિર્ણય પર અડગ શું કે હું એમ જ બોલ્ડ સીન્સ નહીં કરુ. એક એક્ટર તરીકે મારુ કર્તવ્ય છે કે હું એ કિરદાર પર ન્યાય કરુ કે જેને હું પડદા પર નિભાવી રહી છું.

પણ હા મારી કેટલીક લકીરો છે જે હું ખેંચવા માંગુ છું. ખાસ કરીને જ્યારે એ કન્ટેન્ટની વાત આવે છે જેના સાથે હું જોડાયેલી છે. ગૌહરનું કહેવું છે કે હું માત્ર એવા પ્રોજેક્ટનો જ ભાગ બનવા માટે લાઈન ક્રોસ નહીં કરૂ. મારી પાસે જે પણ રોલ આવ્યા મને લાગ્યું કે હું પુરા દિલથી નહીં કરી શકુ. માટે મે તેના માટે ના પાડી દીધી, પછી ભલે તે પ્રોજેક્ટ ગમે તેટલા મોટા હોય.

# ટૂંક સમયમાં ઓટીટી પર આવશે જોન અબ્રાહમ-ઈમરાન હાશમીની ફિલ્મ 'મુંબઈ સાગા'

(જી.એન.એસ.)મુંબઈ,તા.૪

કોરોના સંક્રમણના કારણે દેશમાં વર્ષ ૨૦૨૦ માં તમામ થિયેટરો લોકડાઉનના કારણે બંધ થઈ ગયા હતા. જેના કારણે થિયેટરના ધંધા પર ખરાબ અસર પડી હતી. જે પછી, લોકડાઉનમાં, ચાહકોને ઓટીટી પ્લેટફોર્મ પર તેમની મનપસંદ સ્ટારની મૂવીઝ જોવા મળી. ફિલ્મના ઘણા નિર્માતાઓએ તેમની ફિલ્મોને સીધા લોકડાઉનમાં ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરી હતી. ફિલ્મ નિર્માતાઓ પણ હિટ-ફ્લોપ્સના જોખમે બચી ગયા હતા. તમને જણાવી દઈએ કે, વર્ષ ૨૦૨૦ માં અક્ષય કુમાર, અમિતાભ બચ્ચન, વરૂણ ધવન, સુશાંત સિંહ રાજપૂત, આયુષમાન ખુરાના, આલિયા ભટ્ટ, સંજય દત્ત જેવા સ્ટાર્સની ફિલ્મ ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થઈ હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જ્હોન અબ્રાહમ અને ઈમરાન હાશ્મીની આગામી ફિલ્મ 'મુંબઈ સાગા' પણ આ વર્ષે ૨૦૨૧ માં ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થવા જઈ રહી છે. એટલે કે, નવું વર્ષ શરૂ થતાં જ જ્હોન અબ્રાહમ અને ઈમરાન હાશ્મીના ચાહકોને સારા સમાચાર મળ્યા છે. લોકડાઉન પહેલા ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ ગયું હતું. ફિલ્મ રિલીઝ માટે લગભગ તૈયાર છે. આ ફિલ્મ એમેઝોન પ્રાઈમ પર રિલીઝ થશે. મુંબઈ સાગાના નિર્માતાઓ આથી ખૂબ જ ખુશ છે અને આ સોદો અંતિમ માનવામાં આવે છે.



# રાધેમાં દિશા નિભાવશે જૈકી શ્રોફની નાની બહેનનો રોલ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૬

બોલિવૂડ એક્ટર સલમાન ખાનની ફિલ્મ 'રાધે'ની રાહ ફિલ્મ ઉદ્યોગ સહિત દર્શકો પણ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં સલમાન ખાનની સાથે દિશા પટાની જોવા મળશે. જ્યારે હવે જે અહેવાલ સામે આવ્યા છે તે અનુસાર દિશા જૈકી શ્રોફની નાની બહેનની ભૂમિકા ફિલ્મમાં ભજવશે.

ફિલ્મ ભારતમાં સલમાન, દિશા અને જૈકીએ સાથે કામ કર્યું હતું. ત્યાર બાદ હવે ફરી ત્રણેય રાધેમાં કામ કરી રહ્યા છે. જોકે, ફિલ્મ ભારતમાં ત્રણેયનો એક પણ સીન સાથે ન હતો. પરંતુ ફિલ્મી સૂત્રો અનુસાર રાધેમાં ત્રણમાંથી એક સાથે સીન કરતાં જોવા મળશે. ફિલ્મ રાધે માં દિશા જૈકીની નાની બહેનની ભૂમિકા ભજવી રહ્યા છે.

તમને જણાવીએ કે, રાધેમાં દિશા, જેકી સલમાન ઉપરાંત રણદીપ હુડ્ડા, ઝરીના વહાબ પણ જોવા મળશે. કહેવાય છે કે, આ વર્ષે ઈદ પર ફિલ્મ રિલીઝ થઈ શકે છે. રિપોર્ટ્સ અનુસાર આ ફિલ્મના રાઈટ્સને ૨૩૦ કરોડ રૂપિયામાં વેચવામાં આવ્યા છે. તેને ખરીદનાર ઝી સ્ટૂડિયો છે. ઝી સ્ટૂડિયોએ સેટેલાઈ, થિયેટર્સ સહિત ડિજીટલ માટે રાઈટ્સ ખરીદ્યા છે. તમને જણાવીએ કે, ફિલ્મ રાધેને સલમાન ખાન, સુહેલ ખાન અને અતુલ અગ્નિહોત્રી પ્રોડ્યૂસ કરી રહ્યા છે.

**રાધે ફિલ્મમાં પણ જેકી, દીશા અને સલમાને સાથે કામ કર્યા બાદ ત્રણેવની આ બીજી ફિલ્મ એક સાથે**

# રાજ્યમાં બર્ડ ફ્લૂનો પગપેસારો : માણાવદરમાં પહેલો કેસ આવતા સમગ્ર ગુજરાતમાં દહેશત

## તકેદારીના ભાગરૂપે તમામ પ્રાણી સંગ્રહાલયો તથા અભ્યારણ્યો બંધ

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૮

અંગ્રેજી નવા વર્ષના આરંભે વિશ્વનાં કેટલાક દેશોમાં બર્ડફ્લુના શંકાસ્પદ કિસ્સાઓ બહાર આવેલ જે કિસ્સાઓનો ફેલાવો સતત વધતો જવા પામેલ છે. ભારતમાં પણ આકરો ઠંડીનો પ્રારંભ થતાં દેશનાં કેટલાક રાજ્યોમાં શંકાસ્પદ બર્ડફ્લુના કિસ્સા નોંધાયેલ જેમાં મૃત્યુ પામેલ પક્ષીનાં મૃતદેહને વધુ તપાસ માટે ખાસ પ્રયોગશાળા ખાતે મોકલાયેલ જેમાં વર્તમાન સપ્તાહના પ્રારંભે ગુજરાતનાં કેટલાક સ્થળોએ શંકાસ્પદ હાલતમાં પક્ષીઓ મોત પામતા સરકાર દ્વારા પોલટ્રી ફાર્મ ખાતે વિશેષ તકેદારી રાખવા તેમજ પક્ષીઓની હિલચાલ આરોગ્ય પર પશુ તબીબો-નિષ્ણાતો દ્વારા નજર રાખવામાં આવી રહી છે. તાજેતરમાં જૂનાગઢ જિલ્લાના માણાવદર તથા બાંટવા તાલુકામાં ૫૦ જેટલા પક્ષીઓ મૃત્યુ પામેલ હતા. તેના મૃતદેહમાંથી કેટલાક નમૂનાઓ લઈ જુદી-જુદી પ્રયોગશાળા લેબોરેટરીમાં મોકલવામાં આવેલ જે પૈકી માણાવદર-બાંટવાના મૃત પક્ષીઓમાં બર્ડફ્લુ હોવાના ચિન્હો હોવાનું બહાર આવતાં ખળભળાટ મચી જવા પામેલ છે.

માણાવદર-બાંટવા પંથકમાં સપ્તાહનાં પ્રારંભે કેટલાક પક્ષીઓ મૃત્યુ પામેલ ત્યારે બર્ડફ્લુની શંકા વ્યક્ત કરવામાં આવતા સરકાર-તંત્ર સતર્ક બનેલ અને મૃત્યુ પામેલ પૈકી કેટલાક પશુઓના અવશેષો જુદી-જુદી પ્રયોગશાળામાં મોકલાયા હતા. મધ્યપ્રદેશનાં ભાપાલ ખાતે ગુજરાતમાંથી મોકલવામાં આવેલ જેનાં પરિક્ષણ અહેવાલમાં મૃત પક્ષીઓમાં બર્ડફ્લુનાં લક્ષણો હોવાને સમર્થન મળતાં રાજ્યમાં બર્ડફ્લુનો પગપેસારો થયાની રાજ્ય સરકાર-વહિવટ તંત્રને થતાં વહિવટી તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે રાજ્યનાં અનેક શહેરોમાં આવેલા પ્રાણીસંગ્રહાલયો બંધ કરવા નિર્ણય લીધાની વિગતો પ્રાપ્ત થયેલ છે. રાજ્યમાં બર્ડફ્લુનો પોઝીટીવ કેસ મળ્યાની જાણ થતાં રાજકોટ ખાતેના પ્રદ્યુમન પાર્ક પ્રાણી સંગ્રહાલય, જૂનાગઢનાં શક્કરબાગ ઝુ, પક્ષીઓના અભ્યારણ્યમં નળસરોવર, થોળ, છારીઢંઢ, ઘુડખર, કેવડીયા અભ્યારણ્ય પ્રવાસીઓ માટે બંધ કરવા જાહેરાત કરેલ છે. રાજ્યમાં આવેલ પ્રાણી સંગ્રહાલયો તેમજ અભ્યારણ્ય ખાતે પશુ ચિકિત્સકો તથા નિષ્ણાતોની ટૂકડીઓ દ્વારા પશુ-પક્ષીઓની આરોગ્ય ચકાસણી હાથ ધરવામાં આવશે.

# રાજ્યમાં ઉત્તરાયણ ઉજવવા પર પ્રતિબંધ નથી, નિયમોનું પાલન જરૂરી : ગુજરાત હાઈકોર્ટ

(જી.એન.એસ)અમદાવાદ,તા.૮

કોરોના કાળમાં તમામ તહેવારોની જેમ ઉત્તરાયણની ઉજવણી અંગે પણ અસમંજસની સ્થિતિ ઊભી થઇ હતી, ત્યારે આજે શુક્રવારે ગુજરાત હાઇકોર્ટે ઉત્તરાયણની ઉજવણી માટે ગ્રીન સિગ્નલ આપ્યું છે. ઉત્તરાયણ પર સંપૂર્ણ પ્રતિબંધની માગ હાઈકોર્ટે નકારી હતી. સાથે જ સરકારે ૧૩ મુદ્દાનો પરિપત્ર કરવાની ખાતરી આપી છે. જેનો કડક અમલ કરવા હાઇકોર્ટે આદેશ આપ્યો છે.



રાજ્યમાં કોરોનાના કેસો ઘટી રહ્યાં છે. ત્યારે ઉત્તરાયણની ખરીદી તેમજ પતંગ-દોરાની વેચાણ પર પ્રતિબંધની માગણી સાથે ગુજરાત હાઇકોર્ટમાં થયેલી જાહેર હિતની અરજીમાં પક્ષકાર તરીકે જોડાવવા માટે ગુજરાતના પતંગ ઉત્પાદકોના એસોએસિએશને હાઇકોર્ટમાં પિટિશન કરી છે. તેમની માગણી છે કે આ ઉદ્યોગ સાથે સંકળાયેલા હજારો લોકોની જીવાદોરીનો આધાર ઉત્તરાયણના તહેવારની ઉજવણી છે. તેથી હાઇકોર્ટે ઉજવણી કે પતંગ-દોરાના વેચાણ પર પ્રતિબંધ ન ફરમાવવો જોઈએ. આ કેસની આજે વધુ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેને પગલે સરકારે કોર્ટમાં માર્ગદર્શિકા રજૂ કરી હતી. રાજ્ય સરકારે હાઈકોર્ટમાં રજૂ કરેલી માર્ગદર્શિકા મુજબ, ધાબા, મેદાન કે રસ્તા પર ઉત્તરાયણ મનાવી શકાશે નહીં. પરિવારના સભ્યો સિવાય અન્ય કોઈ વ્યક્તિ હાજર રહી શકશે નહીં. ટેરસ કે અન્ય સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ શકશે નહીં. ફ્લેટમાં ભીડ ભેગી થઈ તો ચેરમેન જવાબદાર ગણાશે. ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ જાન્યુઆરીના રોજ રાત્રિ કર્ફ્યુનો કડકાઈથી અમલ કરવામાં આવશે. માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ ભંગ બદલ કડક કાર્યવાહી કરાશે.

# બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરવાનું શરૂ થાય એ પહેલા તમામ સ્કૂલો અને શિક્ષકોનું રજીસ્ટ્રેશન ફરજિયાત

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૮

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા સ્કૂલ અને ટીચર્સ રજિસ્ટ્રેશન માટે પરિપત્ર કરવામાં આવ્યો છે. જે મુજબ ચાલુ વર્ષે નવી શરૂ થયેલી અને જુની સ્કૂલોનું રજિસ્ટ્રેશન ફરજીયાત કરવામાં આવ્યું છે. બોર્ડ ૧૫મી બાદ પરીક્ષા ફોર્મ ભરાવવાનું શરૂ થનાર છે ત્યારે સ્કૂલોએ સ્કૂલ અને ટીચર્સ રજિસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે. આજે સ્કૂલોનું ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ થયુ છે. જ્યારે ૧૧મીથી તમામ સ્કૂલોના શિક્ષકોનું રજિસ્ટ્રેશન શરૂ થશે.સ્કૂલો બોર્ડ પરીક્ષા બાદ ઉત્તરવહી મુલ્યાંકનમાં શિક્ષકોને મોકલતી ન હોઈ અને ઓછા અનુભવ વાળા શિક્ષકો મોકલતી હોવાથી બોર્ડ દ્વારા ઓનલાઈન ટીચર રજિસ્ટ્રેશન ફરજીયાત કરવામા આવ્યુ છે. સ્કૂલ રજિસ્ટ્રેશનમાં આ વર્ષે શરૂ થયેલી નવી સ્કૂલે નવુ રજિસ્ટ્રેશન કરી તમામ વિગતો ભરવાની રહેશે અને જુની સ્કૂલે ગત વર્ષે કરેલા રજિસ્ટ્રેશનમાં ધો.૧૦-૧૨ના વર્ગો વધ્યા હોય કે ઘટયા હોય તેની વિગતો નોંધવાની અને માહિતી સુધારવાની રહેશે. ચાલુ વર્ષના તેમાં ધોરણના ચાલુ વર્ગોની માધ્યમવાર અને વિદ્યાર્થીઓની સંખ્યા પણ અચુક ભરવાની રહેશે. ટીચર રજિસ્ટ્રેશનમાં નવા નિમણૂંક થયેલા શિક્ષકો ઉમેરવાના રહેશે અને છુટા થયેલા કે નિવૃત થયેલ શિક્ષકોને ઈનએકટિવ કરવાના રહેશે.

# 'નિયમો અને અમારે તો ૩૬નો આંકડો' સાર્થક કરતું ભાજપ પાટીલના સંમેલનમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા

(જી.એન.એસ.)જૂનાગઢ,તા.૮

એક તરફ સરકાર જમાવડા અને ભીડ કરવાની મનાઈ ફરમાવી રહી છે તો બીજી તરફ ભાજપના જ નેતાઓ સરકારના આ નિયમોને ઘોળીને પી જાય છે. આવું જ એક દૃશ્ય જોવા મળ્યું હતું જૂનાગઢમાં. જૂનાગઢમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટિલની અધ્યક્ષતામાં જિલ્લાના સરપંચોનું સંમેલન યોજાયું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખી આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. એગ્રિકલ્ચર યુનિવર્સિટીના ઓડિટોરિયમમાં યોજાયેલા સંમેલનમાં તમામ લોકો ગીચોગીચ બેઠા હતા એટલે કે સોશિયલ



ડિસ્ટન્સના નામે મીંડું જોવા મળ્યું હતું. કારણ કે, આ ઓડિટોરિયમની બેઠક વ્યવસ્થા ૩ હજાર વ્યક્તિઓની છે. એટલે કે સોશિયલ ડિસ્ટન્સ ભૂલીને તમામ લોકો ગીચોગીચ બેઠા હતા. આ સંમેલનમાં ભાજપના નવનિયુક્ત પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધન ઝડફિયા સહિતના મોટા પદાધિકારીઓ પણ ઉપસ્થિત હતા. તેમની જ હાજરીમાં કોરોના ગાઈડલાઈનનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થતા તેઓ એક પણ શબ્દ બોલ્યા નહીં. જાણે કોરોના માટેના તમામ નિયમો ફક્ત પ્રજા માટે બનાવ્યા હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. સંમેલનમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે ચર્ચા કરવામાં આવી હતી. જૂનાગઢમાં યોજાયેલું આ સંમેલન સરકારની પોલ ખોલી નાખે છે. અહીં કોરોના માટેના નિયમો માટે સરકારના બે મોઢા જોવા દેખાયા હતા. રાજ્ય સરકારે અગાઉ ગાઈડલાઈન જાહેર કરી છે કે, કોઈ પણ કાર્યક્રમ યોજાય તેમાં ૨૦૦થી વધારે લોકોએ ભેગા થવું નહીં અને સોશિયલ ડિસ્ટન્સનું કડક પાલન કરવું એ તમામ નિયમોના ધજાગરા ઉડાવ્યા હતા.

# ગુજરાતમાં ૨૪૮ તાલુકામાં દરેક તાલુકાનાં ત્રણ સ્થળોએ વેક્સિનેશન ડ્રાયરનનું આયોજન

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૮

દેશ અને દુનિયાભરનાં લોકોને છેલ્લા ૧૧ માસથી પરેશાન કરતા નવા વાયરસ પ્રેરિત કોરોનાની માંદગીમાં દુનિયાભરમાંથી આશરે ૭ કરોડ લોકો ચેપગ્રસ્ત બન્યા બાદ વિશ્વનાં વૈજ્ઞાનીકો અને સંશોધકોના અથાક પ્રયત્નોના અંતે કોરોનાને નાથવાની ઔષધરૂપે કોરોના વેક્સિન શોધવામાં સફળતા પ્રાપ્ત કરેલ છે. ભારતમાં કોરોના નિયંત્રણ રસીનું બીજા તબક્કાનું પરિક્ષણ ચાલી રહ્યું છે, જેમાં મોટાભાગે કોઈ મોટી ફરીયાદ કે આડઅસર જોવા ન મળતી હોવાથી કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા હેઠળ દેશના જુદા રાજ્યોનાં જિલ્લાઓમાં આજે વેક્સિન કાર્યવાહી પૂર્વેની તૈયારીઓના ડ્રાયરનનો કાર્યક્રમ યોજાનાર છે. ગુજરાતમાં પણ કાલે ઠેરઠેર વેક્સિન ડ્રાયરન યોજવા વહિવટી-આરોગ્ય તંત્રએ પુરજોશમાં તૈયારીઓ હાથ ધરેલ છે.

રાજ્યમાં આરોગ્ય વિભાગ દ્વારા કાલે (શનિવારે) જુદા જુદા જિલ્લા-મહાનગરોનાં ૨૪૮ તાલુકાઓમાં વેક્સિન ડ્રાયરન યોજવામાં આવનાર છે. જેમાં વેક્સિન આપના આરોગ્ય કર્મચારીઓ તેમજ વેક્સિન લેનાર વ્યક્તિને કઈ રીતે વેક્સિન આપવી, આપ્યા બાદ કઈ કઈ પ્રકારની સાર સંભાળ લેવી, કેટલા સમય લેવી સહિતની બાબતોની ઝીણવટભરી વિગતોથી જાહેર આરોગ્ય બાબતોમાં નિષ્ણાતો દ્વારા આરોગ્ય કર્મચારીઓને વાકેફ કરવામાં આવશે. રાજ્યમાં યોજાનાર વેક્સિન ડ્રાયરન કાર્યક્રમ તેમજ ત્યાર બાદ આગામી દિવસોમાં શરૂ થનાર રસીકરણ ઝુંબેશની સફળતા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકાર ભવ્ય આશાવાદ સેવી રહેલ છે. રાજ્યનાં અનેક શહેરોમાં ઉભા કરાયેલ વેક્સિન સેન્ટરો ખાતે ડ્રાયરન યોજાનાર છે.






# કચ્છમાં ભૂકંપના બે તથા ભરૂચમાં ૧ આંચકો

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૮

રાજમાં શિયાળાની કડકડતી ઠંડી વચ્ચે આજે કચ્છ જિલ્લામાં ૨ તથા ભરૂચ નજીક ૧ ભૂકંપનો હળવા આંચકો અનુવાયો હતો. આજે વહેલી સવારે રાપર નજીક કેન્દ્રબિંદુ ધરાવતો ૧.૫ની તિવ્રતાનો તેમજ સવારે ૮.૪૭ મીનીટે ૨.૧ની તિવ્રતાનાં ભૂકંપનો અનુભવ લોકોને થયો હતો. ત્યાર બાદ દક્ષિણ ગુજરાતમાં ભરૂચ નજીક કેન્દ્રબિંદુ ધરાવતો ૧.૫ની તિવ્રતાનો ભૂકંપ જેનું કેન્દ્રબિંદુ ભરૂચથી આશે ૧૬ કિ.મી. દૂર પૂવદિશામાં-દક્ષિણ પૂર્વમાં નોંધાયેલ હતું. રાજ્યમાં આજે હળવી તિવ્રતાનાં ભૂકંપનાં કુલ ૩ આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તિવ્રતા નબળી હોવાથી નૂકશાનીની વિગતો બહાર આવેલ નથી.

# કોંગ્રેસ દ્વારા "બેરોજગાર અઠવાડીયું" કાર્યક્રમની શરૂઆત

(જી.એન.એસ.)જામનગર,તા.૮

હાલ સમગ્ર ભારતમાં બેરોજગારીનો વ્યાપ ખુબ જ મોટાપાયે વધી રહ્યો છે અને તેમાં પણ શિક્ષિત બેરોજગારો પણ ખુબ જ મોટી સંખ્યામાં ગુજરાત અને ભારતમાં વધી રહ્યા છે. ત્યારે સરકાર દ્વારા મોટા ભાગના સરકારી ખાતાઓમાં જગ્યા ખાલી હોવા છતાં પણ ભરતી કરવામાં આવતી નથી. જેને લીધે બેરોજગારીનો દર દિવસેને દિવસે વધી રહ્યો છે. આ બેરોજગારીથી ભારતના યુવાનોનું ભવિષ્ય અંધકારમય બની રહ્યું છે માટે યુવાનોની બેરોજગારીનો પ્રશ્ન સરકાર સમક્ષ લાવવા ગુજરાત યુવક કોંગ્રેસ દ્વારા સમગ્ર ગુજરાતમાં "બેરોજગાર અઠવાડીયું" નામનો કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે. જેના અંતર્ગત જામનગર યુવક કોંગ્રેસ દ્વારા આજરોજ શહેર કોંગ્રેસ કાર્યાલય




ટાઉનહોલ ખાતે શિક્ષિત બેરોજગારોને પોતાની માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે ટાઉનહોલ પાસેથી પદયાત્રા કરવામાં આવેલ હતી અને આ માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટ ફક્ત કચરો જ છે. તેવો અહેસાસ યુવાનોને થાય છે. તે બહેરી સરકારના કાન સુધી પહોંચાડવા શિક્ષિત બેરોજગારો દ્વારા પોતાની માર્કશીટ/ડીગ્રી સર્ટિફિકેટની ઝેરોક્ષને કચરાપેટીમાં નાખીને વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા, ડૉ. તૌસીફખાન પઠાણ- પ્રમુખ યુવક કોંગ્રેસ જામનગર, શક્તિસિંહ જેઠવા - પ્રધાન યુવક કોંગ્રેસ ગુજરાત અને મહિપાલસિંહ જાડેજા પ્રમુખ એનએસયુઆઈ જામનગરની આગેવાનીમાં યોજાયો હતો. જામનગર યુવક કોંગ્રેસ દ્વારા બેરોજગાર અઠવાડીયું કાર્યક્રમ અંતર્ગત શહેરના ટાઉનહોલ ખાતે શિક્ષિત બેરોજગારોને સાથે રાખી માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટની ઝેરોક્ષ સાથે પદ યાત્રા કાઢવામાં આવી હતી.






# હેણોતરા લુપ્ત થવાના આરે આવેલી દુર્લભ જાતિ તરીકે જાહેર

(જી.એન.એસ.)કચ્છ,તા.૮

કેન્દ્ર સરકાર દ્વારા હેણોતરાને લુપ્ત થવાનાં આરે આવેલી દુર્લભ જાતિ તરીકે એટલે કે લુપ્તપ્રાય પ્રાણી તરીકે જાહેર કરાયું છે, જેને લઈને આગામી દિવસોમાં આ પ્રાણીનાં સંરક્ષણ અને સંવર્ધનને લઈ કામગીરી આગળ ધપશે. આ સંદર્ભે પશ્ચિમ કચ્છનાં નાયબ વન સંરક્ષણ તુષાર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં એક માત્ર કચ્છમાં જ હેણોતરા જોવા મળી રહ્યા છે અને તેની અત્યારે અંદાજિત ૩૦ જેટલી સંખ્યા હોવાનું અનુમાન છે. તેમણે કહ્યું કે, આ પ્રાણી શાંત સ્વભાવનું અને માત્ર રાત્રિનાં સમયે જ બહાર નીકળતું પ્રાણી છે. આ પ્રાણીનો રણ અને કાંટાળા વિસ્તારમાં વધુ વસવાટ જોવા મળતો હોય છે. કચ્છમાં રણ તેમજ કાંટાળ વિસ્તાર પણ હોવાને કારણે અવારનવાર હેણોતરા દેખા દેતા હોય છે.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)